**સુવિચાર**

સંસ્કૃતિ ભાષાનું અધ્યયન વધે તો સંસ્કૃતિ અને સંસ્કાર હંમેશા વધતા જ રહે છે. માણસમાં સંસ્કાર હોય તો જીવન હારે નહીં.

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૦/૦૯/૨૦૨૪, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.



તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ ભાદરવા સુદ-૭ વર્ષ : ૧૫ અંક : ૨૨૭







## થોડા દિવસો પહેલા એક મહિલાને સ્વપ્ન આવ્યુ તેમ કહીને જમીનમાંથી શિવલીંગ કાઢયું હતું

# અમરેલીમાં જમીનમાંથી શિવલીંગ નીકળવાની ઘટના તૂત સાબિત

**ભૂઈ ઘરમાં જુગાર રમાડતી, બે વાર પોલીસ દફતરમાં નોંધ નીકળી**

**શિવલીંગ ચમત્કારમાં ૩ પુરૂષ અને બે મહિલાનાં નામ સામે આવ્યા**

**ભૂઈએ ધુણવાનું બંધ, ભ્રમ ફેલાવવા માટે જનતાની માફી માંગી**

**વિજ્ઞાન જાથાની ટીમે પોલીસનો સહયોગ મેળવીને ડીંડકનો કર્યો પર્દાફાશ**



અમદાવાદ, તા. ૯

અમરેલી લાઠી રોડ ઉપર ગિરધરનગર વિસ્તારમાં થોડા દિવસ પહેલા સરકારી જમીનમાંથી સ્વયંભૂ શિવલીંગ નીકળવાની ઘટનામાં ભૂઈ માલતીબેન અરજણભાઈ ભુવા તથા તેના મળતીયાનું કારસ્તાન નર્યું તુત, બોગસ સાબિત કરી સમગ્ર પ્રકરણનો ભાંડાફોડ ભારત જન વિજ્ઞાન જાથાની ટીમે અમરેલી સીટી–તાલુકા પોલીસ સ્ટેશનથી મદદથી કર્યો હતો. જાથાને ૧૨૫૬માં પર્દાફાશમાં સફળતા મળી હતી.

બનાવની વિગત પ્રમાણે થોડા દિવસ પહેલા ગિરધરનગર વિસ્તારમાં હનુમાનજી મંદિરની પાછળ જમીનમાંથી સ્વયંભૂ શિવલીંગની ઘટના ચમત્કારનું સ્વરૂપ ધારણ કરતાં

અનુસંધાન પાના ૬ ઉપર

## તસ્કરોને પણ ૧૦૦નું કિલો શાક ખરીદવુ પોસાતુ નથી

# લ્યો બોલો : બગસરાની શાકમાર્કેટમાં રોકડ રકમ અને મોંઘાદાટ ભાવ હોવાથી શાકભાજીની ચોરી

**વેપારીઓ પોલીસ વિભાગમાં રજુઆત કર્યા કરે કોઈ એકશન નથી**

બગસરા, તા. ૯

બગસરા ની શાકમાર્કેટમાં રાત્રિના સમયે વેપારીઓ દ્વારા રાખવામાં આવેલ રોકડા નાણા તથા શાકભાજીની ચોરી થવા લાગી છે જેને પગલે વેપારીઓ દ્વારા પોલીસને કાર્યવાહી કરવા માંગ કરી છે.

વિગત અનુસાર છેલ્લા ઘણા દિવસોથી બગસરાની શાકભાજી માર્કેટમાં ચોરીનો સિલસિલો શરૂ થયો છે. વેપારીઓની રોકડ રકમ તેમજ મોંઘા ભાવની શાકભાજી રાત્રીના સમયે ચોરી લેવામાં આવે છે. આ બાબતે શાકભાજી માર્કેટના વેપારીઓ દ્વારા પોલીસને રજૂઆત કરવામાં આવી છે. જેમાં વેપારી શાંતિભાઈ ડાભી, સુરેશભાઈ નકુમ, યોગેશ કટેશીયા, ચિરાગ ખાંદલ, શેખ આરીફ શા, વસંત કટેશીયા, સહિતના ૫૦થી વધુ વેપારીઓ દ્વારા તારીખ ૧૧ ઓગસ્ટ ના રોજ સૈપ્રથમ વખત શાક માર્કેટ માંથી શાકભાજીની ચોરી થઈ




હતી. આ પછીથી વારંવાર રાત્રિના સમયે વેપારીઓના ગલ્લામાં રહેલ રોકડ તથા હાલના સમયમાં મોંઘા ભાવના ટમેટા ના કેરેટ, લસણ, ડુંગળીની બોરીઓ રાખવામાં આવેલ કબાટના બારણા તોડી ચોર દ્વારા ઉઠાન્તરી કરવામાં આવી રહી છે. ચોરી કરનાર કોઈ જાણભેદુ હોવાની

અનુસંધાન પાના ૬ ઉપર


નારી વુમન્સ & ચિલ્ડ્રન હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર

દુરબીનથી થતા ગર્ભાશય અને અંડાશયની ગાંઠના ઓપરેશનની સેવાઓ ઉપલબ્ધ...

ડૉ. ચિરાગ વી. કુબાવત (M.B.D.G.O.) (સ્ત્રીરોગ નિષ્ણાંત)
Diploma in Gynec Endoscopy (FRANCE)

ઉપલબ્ધ સુવિધાઓ :- નોર્મલ/જોખમી સિઝેરીયન ડીલીવરી • પેઈનલેસ (પીડા રહીત ડીલીવરી) 3D/4D કલર ડોપ્લર/ખોડખાપણની સોનોગ્રાફી,
• ટાંકાવાળુ, ટાંકાવગરનું તથા દુરબીનથી થતા ગર્ભાશયના ઓપરેશન
• વંધ્યત્વની વૈજ્ઞાનિક/આધુનિક સારવાર/IUI = ૨૪ કલાક કાર્યરત
• લીફટ, લેબોરેટરી, એમ્બ્યુલન્સની સુવિધા

ડૉ. ઉપાસના સી. કુબાવત (M.B.D.C.H.)
(નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત)

ઉપલબ્ધ સુવિધાઓ : - રસીકરણ કેન્દ્ર • નવજાત શિશુ દાખલ કરવા અદ્યતન NICU
• આહાર સબંધીત સમસ્યાઓ, કુપોષણવાળા બાળકોની સર્વાંગી તપાસ/સારવાર
• જન્મથી ૧૭ વર્ષ સુધીના બાળકોની તપાસ/સારવાર

ઓપીડી સમય : સોમ-શનિ, સવારે ૯ થી ૨, સાંજે ૫ થી ૮

જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
(02792) 221324





## મતૃક પાંચમનાં દિવસે સામાજિક પ્રસંગો વખતે વીજળી ગાયબ

# વડિયા : પીજીવીસીએલે ડાળને બદલે વૃક્ષને તોડી પાડયું

**ચોમાસુ તેના અંતિમ તબક્કામાં હોય અને પીજીવીસીએલે પ્રિ–મોન્સુનની કામગીરી શરૂ કરી**

**જનતાની પરેશાની ઘટાડવા કાર્ય થાય છે કે વધારવા તે સમજી શકાતું નથી**

**ઉચ્ચ અધિકારીઓ એસી કચેરીમાં બેઠા રહેતા હોય તાબાનાં કર્મચારીઓ મનફાવે તે રીતે કરે કાર્ય**

**કયારેક જનતાની હાલત નિહાળીને એમ થાય છે કે દેશમાં લોકશાહી છે કે અધિકારીશાહી**






તસ્વીર : દિવ્યાંગગીર ગોસાઈ–વડિયા

વડિયા, તા. ૯

વડિયામાં એમવીસીસી કેબલ નાખવાની કામગીરી કરવાની હોવાથી શનિવારે પીજીવીસીએલના તંત્ર દ્વારા રવિવારે સવારે ૭:૩૦ થી બપોરે ૨:૦૦ વાગ્યાં સુધી વીજ પુરવઠો બંધ રહેવાની જાહેરાત સોશ્યલ મીડિયામા કરેલ હતી. આ કામગીરી વડિયા ગામના ચોક્કસ વિસ્તારમાં તબક્કાવાર કરવામાં આવે ત્યારે એક વિસ્તારનો વીજ પુરવઠો બંધ કરી અન્ય વિસ્તારમાં વીજ પુરવઠો આપી આ કામગીરી કરી શકાય. ત્યારે લાખોનો પગાર લેતા અધિકારીઓની આયોજન વગરની કામગીરીના કારણે સમગ્ર વડિયા ગામમાં વીજ પુરવઠો બંધ કરવામાં આવતા રવિવારના દિવસે મર્તુક પાંચમ હોવાથી વડિયાના અનેક ઘરે સામાજિક પ્રસંગો હતા. આ પ્રાસંગોમાં આવેલા મહેમાનો અને નાના બાળકો આયોજન વગરની કામગીરીથી પીજીવીસીએલ તંત્રના પાપે સમગ્ર દિવસ ભાદરવા મહિનાના બળબળતા તાપની ગરમીમાં શેકાયા હતા. તો પીજીવીસીએલ અને ગ્રામપંચાયતના તંત્રને ચોમાસુ પૂર્ણ થયા પછી પ્રિમોન્સૂન કામગીરી બાબતે ડહાપણ સુજતા તેમણે અમરેલી રોડ પર આવેલા પીપર ના ઝાડની નડતર રૂપ ડાળીઓ કાપવાની સ્થાનિક મામલતદાર પાસેથી મંજૂરી લઈને કોઈ આયોજન વગર આખી પીપરનુ ઝાડ જ અડધે થી કાપી નાખતા આ ઝાડની મોટી ડાળીઓ પાસે પસાર થતી વીજ લાઈન પર પડતા લોખંડના વીજપોલ બેન્ડ વળી જમીન દોસ્ત બનતા ફરી વીજ પુરવઠો ખોરવાતા વીજતંત્ર આ કામગીરીમાં લાગતા સવારે ૭:૩૦ થી સાંજે ૭:૦૦ સુધી આખો દિવસ વડિયા વાસીઓ ને બળબળતા તાપ અને ગરમીમાં શેકાવાનો વારો આવ્યો હતો.

આ પીપરના વૃક્ષ કાપવા બાબતે સ્થાનિક ઈન્ચાર્જ મામલતદારનો સંપર્ક કરતા તેમણે ફકત નડતરરૂપ ડાળીઓ કાપવાની મંજૂરી આપી હોવાનુ જણાવ્યું હતું. ત્યારે મોદીની એક પેડમાં કે નામ કાર્યક્રમ સામે ગ્રામપંચાયત અને પીજીવીસીએલ એક ડાળીની મંજૂરી લઈને વર્ષો જુનુ આખુ વૃક્ષ જમીન દોસ્ત કરતા પર્યાવરણપ્રેમીઓમાં પણ ભારે નારાજગી જોવા મળી હતી. ત્યારે સ્થાનિકતંત્રના અધિકારીઓએ આ વૃક્ષ મંજૂરીથી વધારે કપાયું હશે તો પગલા લેવામાં આવશે તેવુ જણાવ્યું હતુ. જોકે વડિયામાં પીજીવીસીએલના તંત્ર પાપે આખુ વડિયા ગામ ભયંકર ગરમીમાં શેકાતા કોઈ તો આ આયોજન વગર ના તંત્રને હવે સમજાવો, આવુ તે કયાય તંત્ર હોય? જે સવારથી સાંજ સુધી ભાદરવા મહિનાના આકરા તાપમાં સમગ્ર ગ્રામજનોને શેકાવા મજબુર બનાવે ત્યારે પીજીવીસીએલના ઘોર નિંદ્રામાં સુતેલા તંત્ર પાસે આનો કોઈ જવાબ હોય તેવુ જોવા મળ્યું ના હતુ. વાસ્તવ માં આ વિસ્તારના લોકોના મતોથી ચૂંટાયેલા પ્રતિનિધિઓને જગાડવાનો સમય હવે આવી ગયો હોય તેવુ જોવા મળી રહ્યું છે.

---

### ડેડાણ, ત્રાકુડા સહિતનાં ગામોમાં વરસાદ પડતા

# ખાંભાનો રાયડી જળાશય ચોમાસાની મોસમમાં સૌ પ્રથમ વખત છલોછલ

**એક દરવાજો ૨ ઈંચ જેટલો ખોલવામાં આવ્યો**




તસ્વીર : ભાવિક કળસરિયા–ખાંભા

ખાંભા, તા. ૯

અમરેલી જિલ્લામાં ચાલુ વર્ષ સારા વરસાદ પડવાને પગલે મહત્વના ડેમો છલકાઈ ચૂકયા છે ત્યારે ગઈકાલે ખાંભા ગીર પંથકના ડેડાણ, ત્રાકુડા, ભુંડણી સહિત ગામોમાં બે થી ત્રણ ઈંચ વરસાદ પડવાને પગલે ખાંભા નો રાયડી ડેમ ચોમાસાની સિઝનમાં પહેલીવાર છલકાયો હતો અને રાયડી ડેમનો એક દરવાજો બે ઈંચ ખોલવામાં આવતા રાયડી નદી બે કાંઠે વહેતી થઈ હતી અને ગાયડી ડેમ નીચેના મોટા બારમણ, નાના બારમણ, ચોતરા, મીઠાપુર, નાગેશ્રી સહિત ગામોને એલર્ટ કરાયા હતા અને ડેમ નીચેના વિસ્તારમાં કોઈએ અવર–જવર ન કરવા પણ તંત્રએ સુચના આપી હતી.

---

### સાંસદ સુતરીયાની ઉપસ્થિતિમાં

# લીલીયામોટા ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો




લીલીયા મોટા, તા. ૯

લીલીયા મોટાના અમૃત સરોવર બાગ માં અમરેલીના સંસદ ભરતભાઈ સુતરીયા ના અધ્યક્ષ સ્થાને વૃક્ષા રોપણ કાર્યક્રમ યોજાયો જેમાં વિસ્તાર ના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા દ્વારા આપવા માં આવેલ ૫૦ ટીગાર્ડ સાથે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો આ સમગ્ર કાર્યક્રમ નું લીલીયા ગ્રામ પંચાયતના સરપંચ જીવનભાઈ વોરા દ્વારા સુંદર આયોજન કરવામાં આવેલ આ કાર્યક્રમમાં મામલતદાર જયરામભાઈ દેસાઈ, મદદનીશ તાલુકા વિકાસ અધિકારી કિશોરભાઈ આચાર્ય, જલધારા સમિતિના પ્રમુખ બટુકભાઈ ધામત, તથા જલધારા સમિતિ લીલીયા તાલુકા ભાજપ પ્રમુખ ભનુભાઈ ડાભી, ગૌતમભાઈ વિછીયા, જીગ્નેશ સાવજ કાનજીભાઈ નાકરાણી, કેતન ઢાકેચા, ઘનશ્યામભાઈ મેઘાણી, કેપ્ટન ધામત તુષાર ધોરાજીયા, આનંદ ધાનાણી સહિતના લીલીયા તાલુકા ભાજપ પરિવારના કાર્યકરો હોદ્દેદારો વન વિભાગના કર્મચારીઓ ઉપસ્થિત રહેલ વૃક્ષારોપણ કાર્યક્રમને સફળ બનાવવા માટે અમરેલી રાધે નર્સરી માંથી વૃક્ષો ગ્રામ પંચાયતના સદસ્યો શાંતિભાઈ વાઘેલા, રવજીભાઈ વઘેડીયા રૂપાભાઈ ભરવાડ, વિજયભાઈ શેખલીયા દ્વારા ખરીદી કરી અને સુંદર આયોજન કરવામાં આવેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદી માં જણાવેલ છે.

---

### ધારીનાં પીપરીયા ગામથી આવીને

# અમરેલીનાં લાલાવદર ગામે તળાવમાં ન્હાવા ગયેલ ૧૧ વર્ષનાં કિશોરનું મોત

**તળાવમાં ડૂબી જવાથી કમકમાટીભર્યુ મોત**

અમરેલી, તા. ૯

દાહોદના વતની અને હાલ ધારી તાલુકાના પીપરીયા ગામે રહેતા પિન્ટુભાઈ રામાભાઈ બારૈયના અર્જુનભાઈ પિન્ટુભાઈ બારૈયા નામનાં ૧૧ વર્ષિય દિકરા તા. ૮ના બપોરે ૧:૧૫ વાગ્યે લાલાવદર ગામે તળાવમાં ન્હાવા ગયેલ હોય તેમનું તળાવમાં ડુબી જવાથી મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

---

### કળિયુગમાં આવી અનેક ઘટના બહાર આવી રહી છે

# ખાંભાનાં ડેડાણ ગામે બે સગ્ગા ભાઈઓ વચ્ચે પિતાની પાંચમ કરવા બાબતે બઘડાટી

**પોલીસે બંને પક્ષોની ફરિયાદ નોંધી તપાસ આદરી**

અમરેલી, તા. ૯

ખાંભા તાલુકાના ડેડાણ ગામે રહેતા રાજુભાઈ કાનાભાઈ પરમાર તથા આરોપી પ્રવિણભાઈ કાનાભાઈ પરમાર બંને સગ્ગા ભાઈ થતા હોય અને તેમના પિતા એકાદ મહિના પહેલા મરણ ગયેલ હોય. જેથી તેઓની તા. ૮ના પાંચમ હોય જેથી મહેમાન આવેલ હોય અને આ બંનેએ તેના પિતાની પાંચમના પૈસાના ખર્ચાની લેતીદેતી બાબતે બોલાચાલી થતા આરોપી પ્રવિણભાઈ કાનાભાઈ પરમારે એકદમ ઉશ્કેરાઈ જઈ પોતાના ભાઈ રાજુભાઈને જેમફાવે તેમ બિભત્સ શબ્દોમાં ગાળો આપી ઢીકાપાટુનો મુંઢમાર મારી પાઈપ વડે નાક ઉપર એક ઘા મારી તથા પાઈપ વડે માથાના ભાગે એક ઘા મારી સામાન્ય મુંઢ ઈજા કર્યાની ભાઈએ ભાઈ સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

તો આ બનાવમાં સામાપક્ષે મંજુબેન કાનાભાઈ પરમાર નામનાં ૬૦ વર્ષિય વૃધ્ધાએ પોતાના પુત્ર આરોપી રાજુભાઈ કાનાભાઈ પરમાર સામે ફરિયાદમાં જણાવ્યું છે કે, દારૂ પીવાની ટેવવાળા હોય અને બોલાચાલી, ઝઘડો કરવાની ટેવવાળા હોય, પાંચમ કરવાની શું જરૂર છે? આપણે પાંચમ કરવી નથી. જેથી વૃધ્ધા તથા તેનો બીજા દિકરાએ આરોપીને સમજાવતા આરોપી એકદમ ઉશ્કેરાઈ ગયેલ અને જેમફાવે તેમ બિભત્સ શબ્દોમાં ગાળો આપી પ્રવિણભાઈને મુંઢ માર મારી તેના ઘરમાંથી લોખંડનો પાઈપ લઈ મારવા દોડયાની સામી ફરિયાદ નોંધાઈ છે.

---

# ઓળીયા ગામે વાડીમાંથી કેબલ વાયરની ચોરી

અમરેલી, તા. ૯

સાવરકુંડલા તાલુકાના ઓળીયા ગામે રહેતા જગદીશભાઈ ધીરૂભાઈ રાદડીયા નામનાં ખેડુત તથા અન્ય ખેડૂતોની વાડી ખેતરમાં ગત તા. ૪ના સાંજના ૫ થી તા. ૫ ના સવારે ૭ વાગ્યાના સમય દરમ્યાન કોઈ અજાણ્યા ચોર ઈસમે ગેરકાયદે પ્રવેશ કરી મોટરનો કેબલ આશરે ૪૫૦ ફુટ જેની આશરે કિંમત રૂા. ૨૨,૫૦૦નો ચોરી કરી લઈ જઈ ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

---

### નિર્ધારિત સમયે વિભાગીય નિયામક છુ થઈ ગયા

# અમરેલીના એસ.ટી.ના વિભાગીય નિયામક કર્મચારીઓની સમસ્યા સાંભળતા નથી

**જિલ્લામાં એસ.ટી. તંત્ર રામભરોસે ચાલતું હોય તેવો માહોલ**

અમરેલી, તા. ૯

આજથી એક માસ પહેલા અમરેલી એસટી વિભાગના દલિત કર્મચારીઓ દ્વારા દલિત આગેવાન વસંત ચાવડાની આગેવાની નીચે અમરેલી એસટી વિભાગની નિયામકને એક નિવેદન આપી એસટી વિભાગમાં કામ કરતા દલિત કર્મચારીઓ ને થતા અન્યાય બાબતે રજૂઆત કરવામાં આવી હતી જેમાં અમુક કર્મચારીઓને રજા ન આપવી અને કામના કલાકો કરતાં વધારે નોકરીઓ કરાવવી મહિલા દલિત કર્મચારીઓને વારંવાર ટોરચન કરી અને તેમની પાસેથી કામના કલાકો કરતા વધુ કામગીરી લેવી અમરેલી ડેપોની ચાલતી હાર્ડમાં હાર્ડ લાઈનમાં આ કર્મચારીઓને ચલાવવા બાબતે વિવિધ માગણીઓ અંગે વિભાગી નિયામકને રૂબરૂ મળી તપાસ કરવા આવેદનપત્ર આપવામાં આવ્યું હતું જે તે વખતે વિભાગીય નિયામક દ્વારા આ બાબતે તપાસ કરી રૂબરૂ જવાબ આપવા માટે કર્મચારી તથા કર્મચારી આગેવાનને આજરોજ રૂબરૂ બોલાવ્યા હતા પરંતુ કર્મચારી મંડળ આગેવાન સાથે રૂબરૂ જતા વિભાગીય નિયમક છુંથઈ ગયા હતા આ તારીખના બે દિવસ અગાઉ પણ દલિત કર્મચારીઓ દ્વારા રૂબરૂ મળવા માટેની તારીખ ૯ નક્કી કરવામાં આવી હતી છતાં પણ આજે નિયામકની ગેરહાજરી થી કુતુહલ સર્જાયું હતું, આમનો સીધો અર્થ એવો થાય છે કે અમરેલીના એસટી વિભાગમાં લાલિયા વાળી ચાલે છે વિભાગના ૨૦% કર્મચારીઓ માત્ર સહી કરીને પગાર જ લઈ જાય છે જયારે કામ કરતા કર્મચારીઓનો ખો નીકળી રહી છે મહિલા કર્મચારીઓને કોઈ પણ પ્રકારે હેરાનગતિ કરવામાં આવે છે પોતાની ઓફિસ જ વિભાગી નિયામકના અંકુશમાં નથી તો પછી વિભાગ છ ડેપો અને ચાર કંટ્રોલ પોઈન્ટ નું સંચાલન કરી રહ્યા છે શું સ્થિતિ હશે તે વિચારી શકાય તેવી બાબત છે આ બાબતે કર્મચારીઓનો રોષ ભભૂકી ઉઠયો છે.

---


## જાહેર નોટિસ

મોજે. ઉજળા મોટા, ગામ, તાલુકો–કુંકાવાવ–વડીયા, જિલ્લો–અમરેલી, રેવન્યું સર્વે નંબર–૧૫૮ ના હે.આરે.ચો.મી. ૨–૧૮–૮૬ વાળી જમીનનાં ખાતા નંબર–૩૭૭

અમો યોગેશ ડી. દવે ( એડવોકેટ એન્ડ નોટરી ) આથી આ જાહેર નોટીસ આપી જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

**મોજે.– ઉજળા મોટા, ગામ, તાલુકો – કુંકાવાવ–વડીયા, જિલ્લો – અમરેલી, રેવન્યું સર્વે નંબર–૧૫૮ ના હે.આરે.ચો.મી. ૨–૧૮–૮૬ વાળી જમીનનાં ખાતા નંબર–૩૭૭ વાળી બિન પિયત ખેતીની જમીન** (૧) શ્રી વલ્લભભાઈ ગોપાભાઈ કથિરીયા, (૨) વિમળાબેન વલ્લભભાઈ કથિરીયા, (૩) વસંતભાઈ વલ્લભભાઈ કથિરીયા, (૪) ઉમેશભાઈ વલ્લભભાઈ કથિરિયા, રહે. અમદાવાદનાં સ્વતંત્ર નામે આવેલ છે આ ખેતીની જમીન તેમની સંપુર્ણ માલીકીની, બિન બોજાની, બીન તકરારી તથા ન દાવાવાળી હોવાનું જણાવી અમારા અસીલશ્રીએ વેચાણ રાખવાનું નકકી કરેલ છે.

તો ઉપરોકત જમીન કે તેના કોઈપણ ભાગ, ઉપર કોઈપણ નાણાકીય સંસ્થા, બેંક, કંપની, પેઢી કે સંસ્થા કે કોઈ પણ શખ્સનો કોઈપણ પ્રકારનો હક, હિત, હિસ્સો, સબંધ, લાગભાગ, ભાગીદાર, દાવો, બોજો, ગીરોલીયન, ચાર્જ હોય કે અન્ય હકક જેમ કે ઉપજ – નીપજ, ખેતી, ગણોત, લીઝ લાયસન્સ / કબજો ભોગવટો / બાનાખત કે રહેણાંકનાં કે વારસાઈ કે અન્ય કોઈપણ પ્રકારનાં હક્ક પોસાતા હોય તો જે તે સબંધકર્તા એ વાંધો – તકરારની જાણ આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન – ૧૦(દસ)માં દસ્તાવેજ પુરાવા સહિત લેખિતમાં રજીસ્ટર્ડ પોસ્ટથી નીચેનાં સરનામે અચુક જાણ કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદર જમીન કે તેના કોઈ ભાગપરત્વે અન્ય કોઈનાં કોઈ જ હક્ક, હિત, હિસ્સો, સબંધ, લાગ – ભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો, લીયન, ચાર્જ નથી તેમ માનવામાં આવશે અને હોય તો તે તમામ રાજીખુશીથી જતો યાને (વેઈવ) કરેલ છે તેમ સમજી અને અમારા અસીલ રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજ કરાવી લેશે ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની દાદ, ફરીયાદ કે વિવાદ ચાલશે નહી.

**તારીખ : ૧૦/૦૯/૨૦૨૪**
**સ્થળ : કુંકાવાવ મોટી**
**રહે. કુંકાવાવ મોટી, શારદા ઝેરોક્ષ, શારદા શોપીંગ સેન્ટર, મુ.કુંકાવાવ મોટી, તા.વડીયા, જિ.અમરેલી. મો.૯૪૨૬૩ ૯૮૯૬૦**

**યોગેશ ડી.દવે**
(એડવોકેટ એન્ડ નોટરી)
તે અમારા અસલની સુચનાથી

## જાહેર નોટિસ

મોજે. રામપુર, ગામ, તાલુકો–કુંકાવાવ–વડીયા, જિલ્લો–અમરેલી, રેવન્યું સર્વે નંબર–૩૦૫ પૈકી ૧/ પૈકી ૨,ના હે.આરે.ચો.મી. ૧–૫૩–૭૮ વાળી જમીનનાં ખાતા નંબર–૭૯૨

અમો યોગેશ ડી. દવે ( એડવોકેટ એન્ડ નોટરી ) આથી આ જાહેર નોટીસ આપી જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

**મોજે.– રામપુર, ગામ, તાલુકો – કુંકાવાવ–વડીયા, જિલ્લો – અમરેલી, રેવન્યું સર્વે નંબર–૩૦૫ પૈકી ૧/ પૈકી ૨,ના હે.આરે.ચો.મી. ૧–૫૩–૭૮ વાળી જમીનનાં ખાતા નંબર–૭૯૨ વાળી બિન પિયત ખેતીની જમીન** (૧) શ્રી કાનજીભાઈ ભુરાભાઈ તળાવીયા, રહે. તોરીનાં સ્વતંત્ર નામે આવેલ છે આ ખેતીની જમીન તેમની સંપુર્ણ માલીકીની, બિન બોજાની, બીન તકરારી તથા ન દાવા વાળી હોવાનું જણાવી અમારા અસીલશ્રીએ વેચાણ રાખવાનું નકકી કરેલ છે.

તો ઉપરોકત જમીન કે તેના કોઈપણ ભાગ, ઉપર કોઈપણ નાણાકીય સંસ્થા, બેંક, કંપની, પેઢી કે સંસ્થા કે કોઈ પણ શખ્સનો કોઈપણ પ્રકારનો હક, હિત, હિસ્સો, સબંધ, લાગભાગ, ભાગીદાર, દાવો, બોજો, ગીરોલીયન, ચાર્જ હોય કે અન્ય હકક જેમ કે ઉપજ – નીપજ, ખેતી, ગણોત, લીઝ લાયસન્સ / કબજો ભોગવટો / બાનાખત કે રહેણાંકનાં કે વારસાઈ કે અન્ય કોઈપણ પ્રકારનાં હક્ક પોસાતા હોય તો જે તે સબંધકર્તા એ વાંધો – તકરારની જાણ આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન – ૧૦(દસ)માં દસ્તાવેજ પુરાવા સહિત લેખિતમાં રજીસ્ટર્ડ પોસ્ટથી નીચેનાં સરનામે અચુક જાણ કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદર જમીન કે તેના કોઈ ભાગપરત્વે અન્ય કોઈનાં કોઈ જ હક્ક, હિત, હિસ્સો, સબંધ, લાગ – ભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો, લીયન, ચાર્જ નથી તેમ માનવામાં આવશે અને હોય તો તે તમામ રાજીખુશીથી જતો યાને (વેઈવ) કરેલ છે તેમ સમજી અને અમારા અસીલ રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજ કરાવી લેશે ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની દાદ, ફરીયાદ કે વિવાદ ચાલશે નહી.

**તારીખ : ૧૦/૦૯/૨૦૨૪**
**સ્થળ : કુંકાવાવ મોટી**
**રહે. કુંકાવાવ મોટી, શારદા ઝેરોક્ષ, શારદા શોપીંગ સેન્ટર, મુ.કુંકાવાવ મોટી, તા.વડીયા, જિ.અમરેલી. મો.૯૪૨૬૩ ૯૮૯૬૦**

**યોગેશ ડી.દવે**
(એડવોકેટ એન્ડ નોટરી)
તે અમારા અસલની સુચનાથી

## જાહેર નોટિસ

મોજે. રામપુર, ગામ, તાલુકો–કુંકાવાવ–વડીયા, જિલ્લો–અમરેલી, રેવન્યું સર્વે નંબર–૩૦૫ પૈકી ૧/ પૈકી ૧,ના હે.આરે.ચો.મી. ૧–૩૮–૬૦ વાળી જમીનનાં ખાતા નંબર–૭૯૧

અમો યોગેશ ડી. દવે ( એડવોકેટ એન્ડ નોટરી ) આથી આ જાહેર નોટીસ આપી જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

**મોજે.– રામપુર, ગામ, તાલુકો – કુંકાવાવ–વડીયા, જિલ્લો – અમરેલી, રેવન્યું સર્વે નંબર–૩૦૫ પૈકી ૧/ પૈકી ૧,ના હે.આરે.ચો.મી. ૧–૩૮–૬૦ વાળી જમીનનાં ખાતા નંબર–૭૯૧ વાળી બિન પિયત ખેતીની જમીન** (૧) શ્રી વજુભાઈ ભુરાભાઈ તળાવીયા, રહે. તોરીનાં સ્વતંત્ર નામે આવેલ છે આ ખેતીની જમીન તેમની સંપુર્ણ માલીકીની, બિન બોજાની, બીન તકરારી તથા ન દાવાવાળી હોવાનું જણાવી અમારા અસીલશ્રીએ વેચાણ રાખવાનું નકકી કરેલ છે.

તો ઉપરોકત જમીન કે તેના કોઈપણ ભાગ, ઉપર કોઈપણ નાણાકીય સંસ્થા, બેંક, કંપની, પેઢી કે સંસ્થા કે કોઈ પણ શખ્સનો કોઈપણ પ્રકારનો હક, હિત, હિસ્સો, સબંધ, લાગભાગ, ભાગીદાર, દાવો, બોજો, ગીરોલીયન, ચાર્જ હોય કે અન્ય હકક જેમ કે ઉપજ – નીપજ, ખેતી, ગણોત, લીઝ લાયસન્સ / કબજો ભોગવટો / બાનાખત કે રહેણાંકનાં કે વારસાઈ કે અન્ય કોઈપણ પ્રકારનાં હક્ક પોસાતા હોય તો જે તે સબંધકર્તા એ વાંધો – તકરારની જાણ આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન – ૧૦(દસ)માં દસ્તાવેજ પુરાવા સહિત લેખિતમાં રજીસ્ટર્ડ પોસ્ટથી નીચેનાં સરનામે અચુક જાણ કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદર જમીન કે તેના કોઈ ભાગપરત્વે અન્ય કોઈનાં કોઈ જ હક્ક, હિત, હિસ્સો, સબંધ, લાગ – ભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો, લીયન, ચાર્જ નથી તેમ માનવામાં આવશે અને હોય તો તે તમામ રાજીખુશીથી જતો યાને (વેઈવ) કરેલ છે તેમ સમજી અને અમારા અસીલ રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજ કરાવી લેશે ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની દાદ, ફરીયાદ કે વિવાદ ચાલશે નહી.

**તારીખ : ૧૦/૦૯/૨૦૨૪**
**સ્થળ : કુંકાવાવ મોટી**
**રહે. કુંકાવાવ મોટી, શારદા ઝેરોક્ષ, શારદા શોપીંગ સેન્ટર, મુ.કુંકાવાવ મોટી, તા.વડીયા, જિ.અમરેલી. મો.૯૪૨૬૩ ૯૮૯૬૦**

**યોગેશ ડી.દવે**
(એડવોકેટ એન્ડ નોટરી)
તે અમારા અસલની સુચનાથી

## થોડો માર્ગ બનાવ્યો અને બાકીના માં થીંગડા મારવામાં આવ્યા

# બાબરાનાં ચમારડીથી મોટા દેવળીયા માર્ગ એટલે તોબા... તોબા

માર્ગ-મકાન વિભાગ એટલે ભ્રષ્ટાચાર કરવા માટેનો અડ્ડો હોય તેવો માહોલ જોવા મળી રહ્યો છે

અધિકારીઓ અને પદાધિકારીઓ ૦.૨૫ થી ૧ થી ૨ ટકા સુધી કમિશન લેવામાં વ્યસ્ત

ખાતો નથી ખાવા દેતો નથીની ગુલબાંગો હવા હવાઈ સાબિત થઈ રહી છે

જનતા જનાર્દનને કરવેરાનાં બદલામાં યોગ્ય સુવિધા આપવામાં શાસકો નિષ્ફળ સાબિત થઈ રહ્યા છે


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૯

બાબરા તાલુકાના ચમારડીથી મોટા દેવળીયા સુધીનો સ્ટેટ હાઈવે માર્ગ અતિ બિસ્માર બનતા વાહન ચલાકોને પસાર થવામાં ખુબજ મુશ્કેલીઓ પડી રહી છે. સતત રજુઆત અને પ્રેસ માધ્યમમાં અહેવાલ આવતા તંત્ર દ્વારા અમુક કિલોમીટર સુધી માર્ગ નવો બનાવી બાકીના રોડ પર જેમ તેમ થિંગડા મારી દેવામાં આવતા રોડ વધુ જોખમી બન્યો છે. કારણ કે ડામરની કાંકરીઓ ઉડીને લોકોને વાગી રહી છે.

બાબરાથી ચમારડીનો ૧૦ કિલોમીટરનો માર્ગ માત્ર બે કિલોમીટર સુધી નવો માર્ગ બન્યો બાકીનો માર્ગ પડતર રાખી દેવામાં આવતા વાહન ચાલકો અને રાહદારીઓમાં ભારે રોષની લાગણીઓ જોવા મળી રહી છે.

બાબરાથી મોટા દેવળીયા સુધીના માર્ગ માં એક બાજુ સરખું ચાલી શકાય તેવો માર્ગ છે જયારે બીજી બાજુ સાવ ખરાબ હાલતમાં રોડ હોવાથી લોકો ચાલતા કે પસાર થવામાં જોખમ અનુભવી રહ્યા છે. ત્યારે ડબલ પટ્ટી માર્ગ શીંગલ પટ્ટી બન્યો તેટલો ખરાબ છે તેમ છતાં તંત્ર દ્વારા આટલા વર્ષોમાં માત્ર થિંગડા મારવામાં આવી રહ્યા છે. ત્યારે નવો માર્ગ આખો બને તેવી માંગણી વાહન ચાલકો દ્વારા કરવામાં આવી રહી છે.

### વૃધ્ધ મોપેડ લઈને નીકળતા

## અમરેલીનાં નાગનાથ બસ સ્ટેન્ડ નજીક એસ.ટી.એ હડફેટે લેતા વૃધ્ધનું મોત

### માથાનાં ભાગે ગંભીર ઈજા થવાથી થયું મોત

અમરેલી, તા. ૯

અમરેલીના ચિતલ રોડ ઉપર આવેલ ગુરૂકૃપા નગરમાં ટેલીફોન ટાવરની પાછળ રહેતા ૭૨ વર્ષીય વૃધ્ધાના પતિ હસમુખભાઈ શાંતિલાલ વ્યાસ ગત તા. ૮ સાડા દસેક વાગ્યે પોતાના મોટર સાયકલ નં. જી.જે.-૧૪ એડી-૨૩૯૧ નું લઈ અમરેલીમાં નાગનાથ મંદિર પાસે નાના બસ સ્ટેન્ડ સામેથી જતા હતા. તે દરમ્યાન એસ.ટી. બસ રજી. નં. જી.જે.-૧૮ ઝેડ-૬૪૨૩ ના ચાલકે પોતાની બસ પુરઝડપે તથા બેફિકરાઈ ભરી રીતે ચલાવી હસમુખભાઈને મોપેડ સાથે હડફેટે લઈ લેતા તે પડી જતા માથાના ભાગે ગંભીર ઈજા થતા મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.



### શહેરમાં સૌથી વધુ ગતિએ વિકસિત થતાં વિસ્તારની જનતા પરેશાન

## અમરેલીનાં લાઠી માર્ગનાં રહેવાસીઓને પાલિકા દ્વારા પ્રાથમિક સુવિધા આપવામાં ઠાગાઠૈયા

### સ્થાનિકો દ્વારા ડેવલપમેન્ટ કમિટીની રચના કરવામાં આવી



અમરેલી, તા. ૯

અમરેલી શહેરના પ્રવેશદ્વાર સમાન લાઠી રોડ વિસ્તારમાં લાઠી રોડ ડેવલપમેન્ટ કમિટીની રચના થઈ. લોકો સ્વયંભુ બિનરાજકીય રીતે સંગઠિત થઈ આ વિસ્તારના વિકાસ માટે પોતાનું યોગદાન આપવા તૈયાર થયા છે.

લાઠી રોડ વિસ્તારમાં અમરેલીનો ખુબ જ ઝડપી વિકસિત વિસ્તાર છે. લોકો રહેવા માટે આ વિસ્તારને વધુ પસંદ કરી રહ્યા છે અને મધ્યમ વર્ગના તેમજ કર્મચારી વર્ગના લોકો આ વિસ્તારને પોતાનું કાયમી રહેણાંક બનાવી રહ્યા છે.

નવા બાંધકામ નવી સોસાયટીઓ અહી ભરચક થઈ રહી છે. જેટલી ગતિથી આ વિસ્તારમાં રહેણાંક બાંધકામ થઈ રહ્યા છે એટલી ગતિથી તંત્ર દ્વારા રોડ , ગટર, પાણી અને સ્ટ્રીટલાઈટની સુવિધા પ્રાપ્ત થઈ રહી નથી. લોકોની અનેક સમસ્યાઓ ઉભી છે અને અનેક નવી સમસ્યાઓ હાલમાં ઉભી થઈ રહી છે. આવા સંજોગોમાં લોકો પોતાની રીતે વિસ્તારને વિકસિત કરવા સંગઠિત થઈ રહ્યા હોઈ એવુ પ્રથમ દ્રષ્ટિએ લાગી રહ્યું છે.

જાણવા મળી વિગતો પ્રમાણે લાઠી રોડ વિસ્તારના અનેક નાગરિકો લાઠી રોડ ડેવલપમેન્ટ કમિટીમાં જોડાય રહ્યા છે. લોકો પોતાનો અવાજ મજબુત કરી બિનરાજકીય રીતે ઉડાવીને તંત્રના કાન પકડવા માટે સ્વયંભુ સંગઠિત થઈ રહ્યા હોઈ એવું લાગી રહ્યું છે.

લાઠી રોડ વિસ્તાર અનેક સમસ્યાઓથી ઘેરાયેલો હોઈ અને સક્ષમ નેતૃત્વ વિહોણો હોઈ એવું લોકો માની રહ્યા છે. શહેરમાં પ્રવેશવાનો આ મુખ્ય માર્ગ છે. અમદાવાદ , ભાવનગર, રાજકોટ જેવા ત્રણ મોટા શહેરોને જોડતો આ માર્ગ છે, અનેક શાળા , કોલેજો લાઠી રોડ માર્ગમાં આવેલી છે. સવારથી સાંજ સુધી ૧૦થી ૧૫ હજાર વિદ્યાર્થીઓની અહી અવરજવર થઈ રહી છે. લાઠી રોડ અનેક ઉદ્યોગો સુધી જવા આવવા માટેનો મુખ્ય માર્ગ છે પરંતુ ટ્રાફિક નિયમનની કોઈ વ્યવસ્થા અહી જોવા મળતી નથી.

રસ્તા પર માલ-ઢોરનું મોટું સામ્રાજય છે. દરરોજ અનેક નાના-મોટા અકસ્માતો માલ-ઢોર ના કારણે થઈ રહ્યા છે. કચરાના ગંજ ચારે તરફ ખડકાઈ ગયા છે. ખુલ્લી ગટરો અને નોન ડેવલપ રસ્તાના કારણે ઘણી સોસાયટીમાં કીચડે સામ્રાજય જમાવ્યું છે.

આવી અનેક સમસ્યાઓથી લોકો ત્રસ્ત થઈ ગયા છે. આવા સમયે લોક રોષ જવાળામુખી બની રહ્યો છે. તેવા સમયે લોકો દ્વારા વિકાસના હેતુથી આવી સમિતિની રચના થઈ છે તે બતાવે છે કે લોકો સયંમી અને સહનશીલ છે ત્યારે સમય બતાવશે કે આગમી દિવસોમાં લાઠી રોડના રહીશોની સુખાકારીમાં વધારો થશે કે કેમ?

### ફોનમાં વાતચીત કરવા બાબતે ઘરેથી નિકળ્યા બાદ

## બાબરાનાં ખંભાળા ગામે પાણીમાં પડી યુવતીએ અંતિમવાટ પકડી

### સ્થાનિક પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરી

અમરેલી, તા. ૯

બાબરા તાલુકાના ખંભાળા ગામે રહેતી આક્ષાબેન રાજુભાઈ ઘોડા નામની ૨૧ વર્ષિય યુવતિ રાજેશભાઈ શંભુભાઈ વેજીયા એકબીજા સાથે ફોનમાં વાત કરતા હોય. જે બાબતે રાજેશને સમજાવવા રામાપીરના મંદિરે ગયેલ. બાદ આ રાજેશ ત્યાં આવેલ ન હોય જેથી તેણીને વાડીએ પરત લઈ આવતા તેણીના ઘરેથી કોઈને કહ્યા વગર નિકળી જઈ ગત તા. ૬નાં બપોરે ૩ થી તા. ૮ના સવારે ૬ દરમ્યાન ખંભાળા ગામની સીમમાં પોતે પોતાની મેળે પાણીમાં પડી જઈ મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.


બાબરામાં મકાન વેચવાનું છે

બાબરામાં અતિ મોકાનું મકાન વેચવાનું છે ૮૦ વાર જગ્યામાં (ડુપ્લેકસ મકાન) ઉપર બે રૂમ, રસોડું, ટોયલેટ, સ્ટોરરૂમ નીચે એક રૂમ, રસોડુ મોટું, સ્ટોર રૂમ તથા ટોયલેટ

રામજી મંદિર પાછળ, નવી વ્હોરા મસ્જિદ વાળી શેરીમાં – બાબરા

સંપર્ક : ૯૯૦૯૫ ૮૨૯૦૦

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦















### અમેરિકામાં બોલ્યા કોંગ્રેસના દિગ્ગજ નેતા રાહુલ ગાંધી

# ભારત જોડો યાત્રાએ મને અને દેશની રાજનીતિ બદલી નાખી

## રાહુલ ગાંધી ૮ સપ્ટેમ્બરે અમેરિકા પહોંચ્યા હતા, ત્યાં તેઓ કોંગ્રેસના નેતાઓ વિદ્યાર્થીઓ, પત્રકારો, ઉદ્યોગપતિઓ સહિત અનેક લોકો સાથે વાત કરશે

વોશિંગ્ટન, તા.૯

કોંગ્રેસના દિગ્ગજ નેતા રાહુલ ગાંધી લોકસભામાં વિપક્ષના નેતા બન્યા બાદ પ્રથમ વખત અમેરિકાની મુલાકાતે છે. આ દરમિયાન તેણે અમેરિકાના ડલાસમાં યુનિવર્સિટી ઓફ ટેક્સાસમાં ઈન્ટરવ્યુ દરમિયાન ભારત જોડો યાત્રા વિશે વાત કરી હતી. યાત્રાને લઈને રાહુલ ગાંધીએ કહ્યું કે, ભારત જોડો યાત્રાએ મને અને દેશની રાજનીતિ બદલી નાખી.રાહુલ ગાંધી ૮ સપ્ટેમ્બરે અમેરિકા પહોંચ્યા હતા, જ્યાં તેઓ ૧૦ સપ્ટેમ્બર સુધી પ્રવાસ પર રહેશે. આ દરમિયાન કોંગ્રેસના નેતાઓ વિદ્યાર્થીઓ, પત્રકારો, ઉદ્યોગપતિઓ સહિત અનેક લોકો સાથે વાત કરશે. રાહુલ ગાંધી સાથેની મુલાકાત દરમિયાન ભારત જોડો યાત્રાને લઈને સવાલ પૂછવામાં આવ્યો હતો કે, તમે ૪ હજાર કિલોમીટરની યાત્રા કેવી રીતે કરી? જેના પર તેણે કહ્યું, પહેલા એ જાણવું જરૂરી છે કે મેં આ યાત્રા શા માટે શરૂ કરી? રાહુલ ગાંધીએ જવાબમાં કહ્યું, મેં ભારત જોડો યાત્રા શરૂ કરી કારણ કે સંદેશાવ્યવહારના દરેક માધ્યમો બંધ હતા, સંસદ, મીડિયા, અમે કાયદાકીય વ્યવસ્થામાં દસ્તાવેજો લઈ જતા હતા, કંઈ થયું નથી.

રાહુલ ગાંધીએ કહ્યું, ઘણા સમયથી અમને સમજાતું નહોતું કે કેવી રીતે વાત કરવી. પછી અમે વિચાર્યું કે જો મીડિયા તમને લોકો સુધી લઈ જતું નથી, જો સંસ્થાકીય સિસ્ટમ તમને લોકો સુધી લઈ જતી નથી, તો અમે સીધા જ જવાનું નક્કી કર્યું.

રાહુલ ગાંધીએ કહ્યું, જ્યારે અમે ભારત જોડો યાત્રા શરૂ કરી ત્યારે મને ઘૂંટણમાં દુખાવો થતો હતો અને ૩-૪ દિવસમાં મને લાગ્યું કે મેં શું કર્યું છે. તેણે કહ્યું, તમે સવારે ઉઠો છો અને વિચારો છો કે આજે તમારે ૧૦ કિલોમીટર ચાલવાનું છે, પરંતુ તમને લાગે છે કે તમારે ૪ હજાર કિલોમીટર ચાલવું પડશે. બંને બાબતોમાં ઘણો તફાવત છે. તેણે કહ્યું, પરંતુ આ પ્રવાસ મારા માટે મુશ્કેલ નહોતો.

રાહુલ ગાંધીએ કહ્યું કે, ભારત જોડો યાત્રાએ મારા કામ વિશે વિચારવાની રીત બદલી નાખી છે. તેમણે એમ પણ કહ્યું કે, આ પ્રવાસે રાજકારણ પ્રત્યે મારો દ્રષ્ટિકોણ બદલી નાખ્યો છે. તેણે મારા દેશવાસીઓને જોવાની રીત બદલી નાખી છે, મારી તેમની સાથે વાતચીત કરવાની રીત બદલી છે, લોકોને સાંભળવાની રીત પણ બદલાઈ છે. રાહુલ ગાંધીએ કહ્યું, આ બધા બદલાવ માત્ર મારામાં જ નહીં, પરંતુ યાત્રામાં ભાગ લેનારા તમામ લોકોમાં પણ આવ્યા છે. રાહુલ ગાંધીએ પોતાની મુલાકાત દરમિયાન જ "મોહબ્બત કી દુકાન" નો ઉલ્લેખ કર્યો હતો, તેમણે કહ્યું હતું કે, એક વસ્તુ જે અમે પ્લાન કરી ન હતી, આ મુલાકાતમાં સૌથી શક્તિશાળી વસ્તુ પ્રેમનો વિચાર હતો. તેમણે કહ્યું કે, માત્ર ભારતમાં જ નહીં વિદેશમાં પણ પ્રેમ શબ્દનો ઉપયોગ આજ સુધી રાજકારણમાં ક્યારેય થયો નથી. રાજકારણમાં તમને ધિક્કાર, નફરત, ગુસ્સો, અન્યાય, ભ્રષ્ટાચાર જેવા શબ્દો જ જોવા મળશે, પણ પ્રેમ શબ્દનો ઉપયોગ ભાગ્યે જ થતો હતો. રાહુલ ગાંધીએ વધુમાં કહ્યું કે, ભારત જોડો યાત્રાએ ભારતીય રાજકારણને બદલી નાખ્યું અને રાજકારણમાં પ્રેમનો સમાવેશ કર્યો, અને હું આશ્ચર્યચકિત છું કે આ વિચાર કેટલું સારું કામ કર્યું.

### કેટલાક લોકો લોકશાહીને હાઇજેક કરવા માંગે છેઃ પિત્રોડા

# રાહુલ ગાંધી હવે પપ્પુ નથી રહ્યા : સામ પિત્રોડાનો દાવો

## રાહુલ ગાંધી પપ્પુ નથી, તેઓ ઊંડી વિચારસરણી ધરાવતા રણનીતિકાર છે : રાહુલ સર્વસમાવેશકતાના હિમાયતી

વોશિંગ્ટન,તા.૯

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અંગે ઈન્ડિયન ઓવરસીઝ કોંગ્રેસના પ્રમુખ સામ પિત્રોડાએ મોટું નિવેદન આપ્યું છે. અમેરિકાના ટેકસાસમાં ભારતીય ઈમિગ્રન્ટ્સને સંબોધિત કરતી વખતે કહ્યું કે, રાહુલ ગાંધી પપ્પુ નથી, તેઓ ઊંડી વિચારસરણી ધરાવતા રણનીતિકાર છે. ઈન્ડિયન ઓવરસીઝ કોંગ્રેસના પ્રમુખે વધુમાં કહ્યું કે, રાહુલ ગાંધી સર્વસમાવેશકતાના હિમાયતી છે.

સામ પિત્રોડાએ કહ્યું હતું કે, "રાહુલ ગાંધી પાસે એક વિઝન છે જે કરોડો રૂપિયા ખર્ચીને ભાજપ દ્વારા પ્રચારિત વિઝનથી બિલકુલ અલગ છે.

રાહુલ ગાંધી પપ્પુ નથી. તે ઉચ્ચ શિક્ષિત, સારી રીતે ભણેલા, કોઈપણ વિષય પર ઊંડા વિચાર સાથે વ્યૂહરચનાકાર છે અને કેટલીકવાર તેમને સમજવું ખૂબ સરળ નથી. ટેક્સાસમાં એક કાર્યક્રમને સંબોધતા સામ પિત્રોડાએ જણાવ્યું હતું કે, પચાસના દાયકાની શરૂઆતમાં શાળાએ જતી વખતે ગાંધીવિચાર આપણા શિક્ષણનો મુખ્ય ભાગ હતો. સમાવેશ અને વિવિધતા એ માત્ર શબ્દો જ નહોતા – તે એવા હતા જેના દ્વારા આપણે જીવતા હતા અને જ્યારે હું આપણા સમાજમાં પરિવર્તન જોઉં છું જે મૂળભૂત માળખા પર હુમલો છે, ત્યારે મને તેની ચિંતા થાય છે. તો ચાલો આપણે સુનિશ્ચિત કરીએ કે આપણે જાતિ, ધર્મ, ભાષા કે રાજ્યને ધ્યાનમાં લીધા વિના આપણા લોકોનું સન્માન કરીએ. અમે બધા માટે સમાન તકો બનાવીએ છીએ, અમે કામદારોને સન્માન આપીએ છીએ અને આ એવા મુદ્દા છે જેની તરફેણ રાહુલ ગાંધી કરી રહ્યા છે અને તેનાથી મને ખૂબ આનંદ થાય છે. સામ પિત્રોડાએ કહ્યું કે, રાહુલ ગાંધીનો એજન્ડા વિવિધતાની ઉજવણી કરવાનો છે. રાહુલ ગાંધીનો એક અલગ એજન્ડા છે જે તેના પર વધુ કેન્દ્રિત છે જેને આપણે લાંબા સમયથી સમજવાનો પ્રયાસ કરી રહ્યા છીએ પરંતુ યોગ્ય રીતે સમજી શક્યા નથી અને તે છે સમાવેશ, વિવિધતાની ઉજવણીપ. પિત્રોડાએ સમજાવ્યું કે લોકશાહી એટલી સરળ નથી અને તેને હળવાશથી લઈ શકાય નહીં. લોકશાહી માટે આપણા જેવા મોટી સંખ્યામાં લોકોના કામની જરૂર રહે છે. આપણે તેને હળવાશથી લઈ શકીએ નહીં કારણ કે એવા લોકો પણ છે જે લોકશાહીને હાઈજેક કરવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે

### મહારાષ્ટ્ર ચૂંટણીમાં ગડકરીને મોટી જવાબદારી

# કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી ૧૦૦ થી વધુ પ્રચાર સભાઓ અને રોડ શો કરશે

## ગડકરીએ કહ્યું છે કે ભાજપને ચૂંટણીમાં સફળતા મળશે અને ચૂંટણી માટે ભગવાન પાસે કંઈ માંગવાની જરૂર નથી

નવી દિલ્હી, તા.૯

મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી જેમ જેમ નજીક આવી રહી છે, તેમ તેમ ભારતીય જનતા પાર્ટી તેની રણનીતિમાં દરરોજ નવી ધાર આપી રહી છે. હકીકતમાં ભાજપે નિર્ણય કર્યો છે કે, કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી ૧૦૦ થી વધુ પ્રચાર સભાઓ અને રોડ શો કરશે. ભાજપના પ્રદેશ અધ્યક્ષ ચંદ્રશેખર બાવનકુળેએ પણ આ માટે કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીને વિનંતી કરતાં તેઓએ આ પ્રસ્તાવ સ્વીકાર્યો છે. ગડકરીએ કહ્યું છે કે 'ભાજપને ચૂંટણીમાં સફળતા મળશે. અને ચૂંટણી માટે ભગવાન પાસે કંઈ માંગવાની જરૂર નથી, ભગવાન અમારા પર ખુશ છે.'

હકીકતમાં, જે રીતે નીતિન ગડકરીએ લોકસભા ચૂંટણી દરમિયાન ૯૫ સભાઓ કરી હતી, એ જ તર્જ પર તેઓ મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં પણ ભાજપ તથા મહાયુતિને વિજયી બનાવવા માટે પ્રચાર સભાઓ અને રોડ શો કરશે. દેશભરમાં નીતિન ગડકરી તેમના કામને લઈને જાણીતા છે. ઉપરાંત, મહારાષ્ટ્રમાં તેના ચાહકોની સંખ્યા પણ વધુ છે. અને વધુમાં તેમની ભાષણની શૈલી પણ લોકોને ખૂબ પ્રભાવિત કરે છે. નીતિન ગડકરીનો પ્રભાવ મહારાષ્ટ્રમાં દેખાય છે, પરંતુ વિદર્ભ પ્રદેશમાં તેમનો પ્રભાવ વધુ જોવા મળે છે. વિદર્ભમાં ૬૦થી વધુ બેઠકો છે, તેથી ભાજપનું ફોકસ આ બેઠકો પર વધુ રહેશે. ભાજપની હંમેશા એ કોશિશ રહેશે કે, વિદર્ભથી મોટાભાગની બેઠકો પર મહાયુતિ હેઠળ ભારતીય જનતા પાર્ટી જ ચૂંટણી લડે.ભાજપના પ્રદેશ અધ્યક્ષ ચંદ્રશેખર બાવનકુલેએ કહ્યું કે, "કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરી લગભગ એક મહિના સુધી પ્રચાર કરશે. ગડકરી દેશના મોટા નેતા છે. તેઓ પહેલેથી જ જવાબદારીપૂર્વક કામ કરી રહ્યા છે. ગડકરી મહારાષ્ટ્રથી દિલ્હી સુધી એક મહાન નેતા તરીકે જાણીતા છે. ભારતીય જનતા પાર્ટીને જીત અપાવવા માટે ચોક્કસપણે નીતિન ગડકરી ચૂંટણી મેદાનમાં ઉતરશે. નીતિન ગડકરી પાર્ટી માટે આદર્શ છે. તેમની રહેણી કરણી ગરીબો માટે શરૂ કરાયેલી યોજનાઓ ખૂબ જ મહત્ત્વપુર્ણ રહેશે."

### રાજીનામું સ્વીકારવામાં આવતા મોટી રાહત મળી

# રેલવેએ વિનેશ ફોગાટ અને બજરંગ પુનિયાના રાજીનામાનો સ્વીકાર કર્યો

## શુક્રવારે કોંગ્રેસમાં જોડાતા પહેલા, બંને કુસ્તીબાજોએ તેમની રેલવે નોકરીમાંથી રાજીનામું આપી દીધું હતું

ચંદીગઢ,તા.૯

ભારતીય રેલવેએ સોમવારે વિનેશ ફોગાટ અને બજરંગ પુનિયાના રાજીનામાનો સ્વીકાર કરી લીધો છે.

શુક્રવારે કોંગ્રેસમાં જોડાતા પહેલા, બંને કુસ્તીબાજોએ તેમની રેલવે નોકરીમાંથી રાજીનામુંઆપી દીધુંહતું. કોંગ્રેસમાં જોડાયા પછી તરત જ, પાર્ટીએ હરિયાણા વિધાનસભા ચૂંટણી માટે જુલાનાથી વિનેશને ટિકિટ આપી જ્યારે બજરંગ પુનિયાને પોતાની કિસાન વિંગમાં સામેલ કર્યા.વિનેશ ફોગાટનું રાજીનામું સ્વીકારવામાં આવતાં તેમને મોટી રાહત મળી છે. હવે તેમના માટે ચૂંટણી લડવાનો રસ્તો સંપૂર્ણપણે સાફ થઈ ગયો છે. જો તેમનું રાજીનામું સ્વીકારવામાં ન આવ્યું હોત તો વિનેશ ફોગાટને ચૂંટણીની રેસમાં ઘણા દંગલનો સામનો કરવો પડ્યો હોત.

કાયદા અનુસાર જો કોઈ વ્યક્તિ સરકારી પદ પર હોય અને ચૂંટણી લડવા માંગતો હોય તો તેને રાજીનામુંઆપીને એનઓસી લેવી પડે છે.

નોંધણી સમયે, દસ્તાવેજ સાથે ર્ફઝને પણ ડોક્યુમેન્ટમાં લગાવાનું રહે છે, તો જ રિટર્નિંગ ઓફિસર અરજી સ્વીકારશે. હરિયાણામાં ૫ ઓક્ટોબરે વિધાનસભા ચૂંટણી યોજાવાની છે, જેના માટે નામાંકન ચાલી રહ્યું છે. તેની છેલ્લી તારીખ ૧૨ સપ્ટેમ્બર છે, જેના પહેલા વિનેશ ફોગાટ માટે આ રાહતના સમાચાર છે.કોંગ્રેસે વિનેશ ફોગાટને તેમના સ્વસુર પક્ષ જુલાનાથી ટિકિટ આપી છે. જુલાણા બેઠક પર કોંગ્રેસ ઘણા સમયથી જીતની રાહ જોઈ રહી છે. કોંગ્રેસે છેલ્લે ૨૦૦૫માં આ બેઠક જીતી હતી. પાર્ટીની બગડતી પ્રતિષ્ઠાને સુધારવા માટે પાર્ટીએ વિનેશ ફોગાટને ઉમેદવાર બનાવવાનું નક્કી કર્યુંછે. વિનેશનો મુકાબલો જનનાયક જનતા પાર્ટી (જેજેપી)ના વર્તમાન ધારાસભ્ય અમરજીત ધાંડા સામે થશે.

જેજેપીએ ૨૦૧૯ની વિધાનસભા ચૂંટણી જીતી હતી. અમરજીત ધાંડાએ ભાજપના પરમિંદર સિંહ ધૂલને ૨૪,૧૯૩ હજાર મતોથી હરાવ્યા. ધંડાને ૬૧,૯૪૨ વોટ મળ્યા હતા જ્યારે ધૂલ ૩૭,૭૪૯ હજાર વોટ મેળવીને બીજા ક્રમે રહ્યા હતા.

### સામાન્ય લોકો મોંઘવારીથી ત્રાહિમામ

# ડુંગળી-બટાકા બાદ કોથમીર અને લીલા મરચાંના ભાવ પણ આસમાને

## લીલા મરચા અને ધાણાંના ભાવ રૂ.૧૦૦ની સપાટી વટાવી ગયા, ૧૨૦ પ્રતિ કિગ્રાના ભાવે વેચાઈ રહ્યા છે

નવી દિલ્હી, તા.૯

છેલ્લા એક મહિનાથી શાકભાજી અને કઠોળના ભાવો સતત વધી રહ્યા છે. લસણનો ભાવ રૂ. ૪૦૦ પ્રતિ કિગ્રાને પાર થયો છે. આ મોંઘવારીના કારણે ધીમે-ધીમે રસોડામાંથી જરૂરી ચીજો ગુમ થઈ રહી છે. પહેલાં ડુંગળી, બટાકા, ટામેટાં અને હવે લસણ. આ સિવાય એક સમયે શાકની લારી પર ફ્રીમાં મળતાં લીલા મરચા અને ધાણાંના ભાવ રૂ. ૧૦૦ની સપાટી વટાવી ગયા છે. લીલા મરચાં પણ રૂ. ૧૨૦ પ્રતિ કિગ્રાના ભાવે વેચાઈ રહ્યા છે. લસણના ભાવમાં અનેકગણો વધારો થતાં ગૃહિણીઓ માટે લસણની ખરીદી કરવી મુશ્કેલ બની છે, શ્રમજીવી વર્ગ કોરો રોટલો ખાવા મજબૂર બન્યા છે. જે મોટાભાગે રોટલા સાથે લસણ-લાલ મરચાંની ચટણી ખાતો હતો. રિટેલ માર્કેટમાં લસણના ભાવ આસમાને પહોંચતાં બજારમાં તેની માગ ઘટી છે.

લસણ ઉપરાંત ૨૦ રૂપિયે કિલો મળતા બટાકાની કિંમત રૂ. ૫૦-૬૦ પ્રતિ કિગ્રા થઈ છે. ડુંગળી પણ તેટલી જ કિંમતે વેચાઈ રહી છે. બીજી તરફ ગવાર, તુવેર, રીંગણ, ચોળી, ફુલાવર સહિતના લીલા શાકભાજીના ભાવ પણ બમણાં થયા છે.

છેલ્લા બે-ત્રણ વર્ષથી લસણના ભાવ સતત વધી રહ્યા છે. જેના કારણે બજારમાં માગ જોવા મળી રહી નથી. લસણની ઓછી માગના કારણે તેમજ હવામાનની અસર, પાકના ખર્ચ સામે યોગ્ય વળતર ન મળવા જેવા અનેક કારણોના કારણે ખેડૂતો લસણની ખેતીમાંથી ડાયવર્ટ થયા છે. શાકભાજીનો છૂટક વેપાર કરતાં કોઠારાના પ્રકાશભાઈએ જણાવ્યું હતું કે, વર્ષમાં લસણનો ભાવ પ્રતિ ૨૦ કિલોએ ૪૫૦૦થી ૫૫૦૦ રૂપિયા જેટલો વધ્યો છે.જેથી છૂટક બજારમાં ૪૦૦ રૂપિયા સુધીના ભાવે વેચાણ થઈ રહ્યું છે. શાકભાજી બજારોમાં લસણના ભાવો આસમાને પહોંચતા લસણ ખરીદી ખૂબ જ ઓછી થતાં ખપ પૂરતું જ લસણ મંગાવવામાં આવે છે.

### કોંગ્રેસ સાથે ગઠબંધનની ચર્ચાઓ વચ્ચે નિર્ણય

# AAP એ હરિયાણામાં પ્રથમ યાદી જાહેર કરી

## પાર્ટીએ આ યાદીમાં ૨૦ ઉમેદવારોના નામ જાહેર કર્યા

ચંદીગઢ, તા.૯

હરિયાણામાં કોંગ્રેસ સાથે ગઠબંધનના અહેવાલો વચ્ચે આમ આદમી પાર્ટીએ તેના ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી છે. પાર્ટીએ આ યાદીમાં ૨૦ ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. આમ આદમી પાર્ટીએ તેના ઉમેદવારોની આ યાદી એવા સમયે બહાર પાડી છે જ્યારે બંને પક્ષો વચ્ચે ગઠબંધન અંગે ચર્ચા થઈ રહી હતી અને ગઠબંધન થશે કે નહીં તે અંગે છઉઁ કે કોંગ્રેસ દ્વારા કોઈ ઔપચારિક જાહેરાત કરવામાં આવી નથી.

AAP દ્વારા હરિયાણામાં ગઠબંધનને લઈને કોંગ્રેસ પાસેથી ૧૦ સીટોની માંગ કરી રહી હતી, પરંતુ હવે આમ આદમી પાર્ટીએ તેના ૨૦ ઉમેદવારોની યાદી જાહેર કરી છે, જેનાથી લાગે છે કે હરિયાણામાં કોંગ્રેસ-આપ ગઠબંધન નહીં થાય. AAP એ ૧૧ બેઠકો પર પોતાના ઉમેદવારો જાહેર જ્યાં કોંગ્રેસ પહેલાથી જ ઉમેદવારો જાહેર કરી દિધા છે. જેમાં ઉચાના કલાં, મેહમ, બાદશાહપુર, નારાયણગઢ, સમાલખા, દાબવલી, રોહતક, બહાદુરગઢ, બાદલી, બેરી, મહેન્દ્રગઢનો સમાવેશ થાય છે.

કોંગ્રેસે હરિયાણા વિધાનસભા ચૂંટણી માટે બે દિવસ પહેલા પોતાના ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી હતી. આ યાદીમાં કોંગ્રેસે પોતાના ૩૧ ઉમેદવારોના નામની જાહેરાત કરી હતી. કોંગ્રેસે શુક્રવારે જ પાર્ટીમાં જોડાયેલા પહેલવાન વિનેશ ફોગાટને જીંદની જુલાના વિધાનસભાથી પોતાના ઉમેદવાર બનાવ્યા છે. આ ઉપરાંત પૂર્વ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર સિંહ હુડ્ડાને ગઢી સાંપલા કિલોઈ વિધાનસભા બેઠક પરથી ટિકિટ આપવામાં આવી છે.

આ પહેલાં શુક્રવારે દિવસ દરમિયાન ઓલિમ્પિયન પહેલવાન વિનેશ ફોગાટ અને બજરંગ પૂનિયાએ કોંગ્રેસમાં જોડાયા હતા. હવે હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં રેસલર વિનેશ ફોગાટને પાર્ટીએ ચૂંટણી મેદાનમાં ઉતાર્યા છે.

ભાજપ હરિયાણા વિધાનસભા ચૂંટણી માટે પોતાના ઉમેદવારોની યાદી જાહેર કરી ચૂકી છે. ભાજપે પોતાની પ્રથમ યાદીમાં ૬૭ ઉમેદવારોના નામ જાહેર કર્યા હતા. આમાં ભાજપે મુખ્યમંત્રી નાયબ સિંહ સૈનીને લાડવા વિધાનસભા બેઠક પરથી ટિકિટ આપી છે. આ ઉપરાંત પૂર્વ ગૃહમંત્રી અનિલ વિજને અંબાલા કેન્ટથી ચૂંટણી મેદાનમાં ઉતાર્યા છે. જણાવી દઈએ કે હરિયાણામાં ૫ ઓક્ટોબરે વિધાનસભા ચૂંટણી માટે મતદાન થવાનું છે. જ્યારે ૮ ઓક્ટોબરે વિધાનસભા ચૂંટણીના પરિણામો જાહેર કરવામાં આવશે.

### ૫૬.૮૪ કરોડ રૂપિયા ફાળવવાની સૌદ્ધાંતિક મંજૂરી

# ભૂપેન્દ્ર પટેલે ગોંડલ નગરને બે નવા ફોરલેન બ્રિજની ભેટ આપી

## રૂ. ૨૮.૦૨ કરોડના ખર્ચે તથા ગવર્નમેન્ટ હોસ્પિટલ ચોક પાસે રૂ. ૨૮.૮૨ કરોડના ખર્ચે આ બે બ્રિજ નિર્માણ પામશે

રાજકોટ, તા.૯

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગોંડલ નગરમાં બે નવા ફોરલેન બ્રિજ નિર્માણ માટે ૫૬.૮૪ કરોડ રુપિયા ફાળવવાની સૌદ્ધાંતિક મંજૂરી આપી છે. સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં ફલાયઓવર બ્રિજ હેઠળ ગોંડલમાં પાંજરાપોળ પાસે રૂ. ૨૮.૦૨ કરોડના ખર્ચે તથા ગવર્નમેન્ટ હોસ્પિટલ ચોક પાસે રૂ. ૨૮.૮૨ કરોડના ખર્ચે આ બે બ્રિજ નિર્માણ પામશે. ગોંડલ શહેરમાં ગોંડલી નદી પર રાજાશાહી સમયના ૧૦૦ વર્ષથી વધુ સમયના બે બ્રિજ ઉપર ગોંડલ આસપાસના ગામો અને તાલુકાના વાહનોનો ખૂબ જ ટ્રાફિક રહેતો હતો.

આ ૧૦૦ વર્ષ જૂના બ્રિજ ભારે વાહનો માટે બંધ કરવામાં આવતા તેના સ્થાને ડાયવર્ઝન માટે માત્ર ૧ જ માર્ગ નેશનલ હાઈવે ૨૭ ગોંડલથી સુરેશ્વર ચોકડી સુધીનો ઉપલબ્ધ છે. એટલું જ નહિ,ભારે વરસાદના સમયમાં વિયર કમ કોઝવે પરથી પાણી પસાર થતું હોવાથી આ રસ્તો પણ બંધ થઈ જાય છે અને તમામ વાહનોને ભારે મુશ્કેલી ભોગવવી પડે છે.



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ આ સંદર્ભમાં આવેલી રજૂઆતોનો સકારાત્મક પ્રતિસાદ આપતા તેમણે ગોંડલ નગરમાં બે નવા બ્રિજ બનાવવા માટે રૂ. ૫૬.૮૪ કરોડની રકમ ફાળવવા સૈદ્ધાંતિક અનુમતિ આપી છે. આ બે નવા બ્રિજ નિર્માણ થવાથી ભાવનગર-આટકોટથી જુનાગઢ જતા વાહનોને તેમજ ઘોઘાવદર મોવીયાથી જુનાગઢ અને કોટડાથી જેતપુર-જુનાગઢ જતા વાહનોને ફોરલેન બ્રિજની સુવિધા મળતી થશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ બે નવા બ્રિજ ઉપરાંત ગોંડલી નદી પરના રાજાશાહી સમયના ૧૦૦ વર્ષથી વધુ સમયના બે હયાત બ્રિજના રિસ્ટોરેશન માટે પણ ૨૨.૩૮ કરોડ રૂપિયાની ફાળવણીની મંજૂરી આપી છે.

તદઅનુસાર, સેન્ટ્રલ ટોકીઝથી સરકારી દવાખાના સુધીના હયાત બ્રિજનુ રૂ.૧૭.૯૦ કરોડ રૂપિયા તેમજ પાંજરા પોળ પાસેના હાલના સરદાર બ્રિજનું ૪.૪૭ કરોડ રૂપિયાના ખર્ચે રીસ્ટોરેશનનું કામ હાથ ધરાશે. આ બન્ને બ્રિજ હળવા વાહનો એટલે કે, લાઈટ મોટર વ્હિકલ માટે ચાલુ રાખવામાં આવશે.

ભારે વાહનો તથા શહેરમાં બાયપાસ ટ્રાફિક માટે નવા નિર્માણ થનારા બે બ્રિજનો ઉપયોગ વાહનચાલકો કરી શકશે. મુખ્યમંત્રીએ નગરો-શહેરોમાં લોકોના ઈઝ ઓફ લિવીંગમાં વધારો થાય સાથે-સાથે વડાપ્રધાને આપેલા 'વિકાસ ભી વિરાસત ભી'ના ધ્યેયને સાકાર કરી શકાય તેવા અભિગમથી ગોંડલમાં ૧૦૦ વર્ષથી વધુ સમયના બે બ્રિજના રિસ્ટોરેશન તથા બે નવા બ્રિજના નિર્માણની અનુમતિ આપી છે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગોંડલની હાલની વસ્તી ,આજુ બાજુના ગામો તથા તાલુકા જિલ્લાના બાયપાસ તેમજ શહેરના ટ્રાફિક સાથોસાથ આવનારા વર્ષોના વિકાસને ધ્યાનમાં લઈને આ બે નવા બ્રિજ ફોરલેન બનાવવાના દિશા નિર્દેશો પણ આપ્યા છે.

### ૫ વર્ષમાં ૪૬૦૦ મિલિયન યુનિટનું ઉત્પાદન

# ગુજરાતના ડેમ છલકાતા રેકોર્ડ બ્રેક વીજ ઉત્પાદન

## ઉકાઈ, કડાણા, પાનમ અને સરદાર સરોવર ડેમમાંથી ઓગસ્ટ ૨૦૨૪માં ૧૦૬૭.૩ મિલિયન યુનિટ ઉત્પાદન

નર્મદા, તા.૯

હાલ ભારતભરમાં રીન્યુએબલ એનર્જીને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. સરકાર દ્વારા સોલાર રૂફટોપ માટે સબસિડી પણ આપી રહી છે, ત્યારે ભારતમાં વર્ષ ૨૦૩૦ સુધીમાં ૫૦૦ GW બિનઅશ્મિભૂત ઈંધણ આધારિત ક્ષમતા સુધી પહોંચવાના ટાર્ગેટ સાથે ગુજરાતમાં પૂરજોશમાં કામગીરી ચાલી રહી છે. જેમાં સોલાર રૂફટોપ, હાઈડ્રો પાવર પ્રોજેક્ટ્સ અને રિન્યુએબલ એનર્જી પાર્ક સહિતના રાજ્યમાં પુનઃપ્રાપ્ય ઊર્જા ઉત્પાદનને વેગ આપી રહ્યા છે. આ દરમિયાન ચોમાસાની સિઝનમાં ગુજરાતમાં સારો એવો વરસાદ ખાબકતા ગુજરાતના ડેમ છલકાતા હાઈડ્રો પાવર સ્ટેશનમાંથી પણ રેકોર્ડ વીજ ઉત્પાદનમાં થઈ રહ્યું છે. જેમાં ગુજરાતના ઉકાઈ, કડાણા, પાનમ અને સરદાર સરોવર ડેમમાંથી ઓગસ્ટ ૨૦૨૪માં ૧૦૬૭.૩ મિલિયન યુનિટ (MU) વીજ ઉત્પાદન થયું છે. જ્યારે જુલાઈમાં વીજ ઉત્પાદન ૩૦૮.૭ મિલિયન યુનિટ થયુ છે.

ઑગસ્ટ મહિનામાં સરદાર સરોવર ડેમમાંથી ૮૦૦ મિલિયન યુનિટ વીજ ઉત્પાદન થયુ છે. જેમાં સરદાર સરોવર (RBPH) અને સરદાર સરોવર (CHPH)માંથી ઓગસ્ટ મહિનામાં કુલ ૮૯૧ રેં વીજ ઉત્પાદન થયુ છે. રાજ્યના અન્ય હાઈડ્રો પાવર પ્લાન્ટમાંથી પણ નોંધપાત્ર વધારા સાથે વીજ ઉત્પાદન થયુ છે.

રાજ્યમાં ૨૦૧૯થી ૨૦૨૪ સુધીમાં સરેરાશ હાઈડ્રો પાવર ઉત્પાદન ૪૬૦૦ MU થયુ છે. જેમાં ઉકાઈ, કડાણા, પાનમ અને સરદાર સરોવર ડેમમાંથી છેલ્લા પાંચ વર્ષમાં સરેરાશ ૪૬૦૦ MU જેટલું ઉત્પાદન જોવા મળ્યું છે. જ્યારે વર્ષ ૨૦૨૨-૨૩માં રાજ્યનું કુલ હાઈડ્રો પાવર ઉત્પાદન ૬૧૭૦.૪૫૬ MU થયુ હતું, જે વર્ષ ૨૦૨૧-૨૨ના ૨૬૨૯.૦૫૯ MUની સરખામણીએ ૧૩૪ ટકા વધુ છે. વર્ષ ૨૦૨૩-૨૪માં રાજ્યનું કુલ હાઈડ્રો પાવર ઉત્પાદન ૪૫૮૪.૯૩૨ MU રહ્યું છે. રાજ્યમાં પુનઃપ્રાપ્ય ઊર્જાના વિકાસ માટે પ્રોત્સાહનો પ્રદાન કરતી નવીનીકરણીય ઊર્જા અંગેની નીતિઓ બહાર પાડનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય છે.

### હૈદરાબાદ હાઉસમાં મળ્યાં બંને દિગ્ગજ

# અબુ ધાબીના રાજકુમાર અને પીએમ મોદી વચ્ચે બેઠક યોજાઈ

નવી દિલ્હી, તા.૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અબુ ધાબીના ક્રાઉન પ્રિન્સ શેખ ખાલિદ બિન મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાને હૈદરાબાદ હાઉસમાં બેઠક કરી હતી.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે સોશિયલ મીડિયા X પર એક પોસ્ટ કરી છે તેમાં લખ્યું છે, "એક નજીકના મિત્રનું ઉષ્માભર્યું સ્વાગત. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અબુ ધાબીના ક્રાઉન પ્રિન્સ શેખ ખાલિદ બિન મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહયાનનું હૈદરાબાદ હાઉસમાં સ્વાગત કર્યું."અબુ ધાબીના ક્રાઉન પ્રિન્સ શેખ ખાલિદ બિન મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહયાન સત્તાવાર રીતે ભારતની મુલાકાતે આવ્યા છે. ક્રાઉન પ્રિન્સ તરીકે આ તેમની આ પહેલી ભારત મુલાકાત છે. ક્રાઉન પ્રિન્સ સાથે UAE સરકારના અનેક મંત્રીઓ અને એક વ્યાપાર પ્રતિનિધિમંડળ પણ આવ્યું છે. ક્રાઉન પ્રિન્સ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને મળવાનો પણ કાર્યક્રમા બનાવી રહ્યા છે. એક બિઝનેસ ફોરમમાં ભાગ લેવા માટે તેઓ મંગળવારે મુંબઈ પણ જવાના છે. હાલમાં ભારત અનેં છઈ વચ્ચે વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી રાજકારણ, વેપાર, રોકાણ, કનેક્ટિવિટી, ઉર્જા, ટેકનોલોજી, શિક્ષણ અને સંસ્કૃતિ સહિતના વિવિધ ક્ષેત્રોમાં કાર્યરત છે. ક્રાઉન પ્રિન્સની મુલાકાત ભારત-UAE દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત કરશે અને નવા અને ઉભરતા ક્ષેત્રોમાં ભાગીદારી માટેના માર્ગો ખોલશે.

# ચાંપાથળ અને વેણીવદર મુકામે વિકાસકાર્યોના ખાતમુર્હુત અને લોકાર્પણનો કાર્યક્રમ સંપન્ન










સમગ્ર અમરેલી જિલ્લામાં રસ્તાના વિકાસ કાર્યોની કામગીરી શરૂ છે. વિધાનસભા નાયબ મુખ્ય દંડક અને અમરેલી-કુંકાવાવ-વડીયા વિસ્તારના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયાની ઉપસ્થિતિમાં અમરેલીના ચાંપાથળ અને વેણીવદર મુકામે વિકાસકાર્યોના ખાતમુર્હૂત અને લોકાર્પણનો કાર્યક્રમ યોજાયો હતો. ચાંપાથળ મુકામે રૂા. ૯ લાખના ખર્ચે નવનિર્મિત કમ્પાઉન્ડ વોલ અને રૂા. ૧૦ લાખના ખર્ચે નવા બનેલ કોમ્યુનિટી હોલનું લોકાર્પણ કરવામાં આવ્યુ હતુ. ૧૫ મું નાણાપંચ, જિલ્લા પંચાયત સભ્યની ગ્રાન્ટમાંથી કમ્પાઉન્ડ વોલ અને કોમ્યુનિટી હોલ બનાવવામાં આવ્યા છે. આમ, ગ્રામજનોને હવે ઉત્તમ સુવિધા અને બેઠક વ્યવસ્થાની સગવડતા સાથેના કોમ્યુનિટી હોલની સુવિધા પ્રાપ્ત થઈ છે. રાજયસભા સાંસદની ગ્રાન્ટમાંથી રૂા. ૫ લાખના ખર્ચે નવા બસ સ્ટેશનની કામગીરીનું ખાતમુર્હૂત કરી શુભારંભ કરવામાં આવ્યો હતો. અમરેલીના વેણીવદર મુકામે માર્ગ અને મકાન (પંચાયત)ની ગ્રાન્ટમાંથી રૂા. ૯૦ લાખના ખર્ચે ૧૪૦ મીટર લંબાઈનો સિમેન્ટ રોડ અને ૪.૮ મીટર લંબાઈના નવા પુલના કામનું ખાતમુર્હૂત કરવામાં આવ્યુ હતુ. વેણીવદર-પીપળલગ વચ્ચે સિમેન્ટ રોડની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને, આ કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવામાં આવશે. ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયાએ જણાવ્યુ કે, સમગ્ર જિલ્લામાં રસ્તાની કામગીરી સતત અને અવિરત આગળ વધી રહી છે. ગુજરાત સરકાર દ્વારા વિકાસના કામોને ત્વરાએ મંજૂર કરવામાં આવી રહ્યા છે. શહેરની સાથે ગ્રામ્ય વિસ્તારમાં પાકા રોડની સુવિધા મળી રહે તે નેમ છે. ચાંપાથળ અને વેણીવદર મુકામે વિકાસકામોના લોકાર્પણ અને ખાતમુર્હૂત કાર્યક્રમમાં જિલ્લા પંચાયત હોદ્દેદારો, સભ્યો, તાલુકા પંચાયત હોદ્દેદારો, સભ્યો, પદાધિકારીઓ, અગ્રણીઓ અને ગ્રામજનો સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

### અબુ ધાબીના યુવરાજની ભારત યાત્રામાં જાહેરાત

# ગુજરાતમાં ફૂડ પાર્ક બનાવવા પર સમજૂતી કરાર પર હસ્તાક્ષર

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મહત્વની ચર્ચા-વિચારણા કરવાની સાથે ચાર મહત્વના કરાર પર હસ્તાક્ષર કર્યા

નવી દિલ્હી, તા.૯

અબુ ધાબીના ક્રાઉન પ્રિન્સ શેખ ખાલિદ બિન મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહયાન હાલ ભારતની મુલાકાતે છે. આ દરમિયાન તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મહત્વની ચર્ચા-વિચારણા કરવાની સાથે ચાર મહત્વના કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આ સમજૂતી કરાર ઉપરાંત અબુધાબી અને ગુજરાત સરકાર વચ્ચે ગુજરાતમાં ફૂડ પાર્ક બનાવવા પર પણ સમજૂતી કરાર પર હસ્તાક્ષર કવામાં આવ્યા છે. બંને દિગ્ગજ નેતાઓ વચ્ચે થયેલા હસ્તાક્ષરોમાં અબુધાબી નેશનલ ઑઈલ કંપની (ADNOC) અને ઈન્ડિયન ઑઈલ કોર્પોરેશન લિમિટેડ (IOCL) વચ્ચે લાંબા ગાળા માટે એલએનજી પુરવઠોનો સમજૂતી કરાર તેમજ એનડીએનઓસી અને ઈન્ડિયા સ્ટ્રેટેજિક પેટ્રોલિયમ રિઝર્વ લિમિટેડ (ISPRL) વચ્ચેનો કરાર સામેલ છે. આ ઉપરાંત ગુજરાત સરકાર અને અબુધાબી ડેવલપમેન્ટ હોલ્ડિંગ કંપની PJSC વચ્ચે પણ ગુજરાતમાં ફૂડ પાર્ક બનાવવા અંગે સહમતી સધાવાની સાથે કરાર કરવામાં આવ્યો છે.

વિદેશ મંત્રાલયના જણાવ્યા મુજબ અમીરાત પરમાણુ પાવર કંપની (ENEC) અને ન્યુક્લિયર પાવર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ (NPCIL) વચ્ચે પણ બારાકાહ પરમાણુ પાવર પ્લાન્ટના સંચાલન તેમજ મેઈન્ટેન્સ માટે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. જ્યારે ચોથા સમજૂતી કરાર હેઠળ એનર્જી ઈન્ડિયા અને ADNOC વચ્ચે અબુ ધાબી ઓનશોર બ્લોક-વન માટે ઉત્પાદન કન્સેશન કરાર કરવામાં આવ્યો છે.

ભારત અને યુએઈ વચ્ચે થયેલા પાંચ સમજૂતી કરારની યાદી

ADNOC અને IOCL વચ્ચે લાંબા ગાળા માટે એલએનજી પુરવઠો પૂરો પાડવા માટેનો સમજૂતી કરાર ADNOC અને ISPRL વચ્ચે કરાર ENEC અને NPCIL વચ્ચે પણ બારાકાહ પરમાણુ પાવર પ્લાન્ટના સંચાલન તેમજ મેઈન્ટેન્સ માટે સમજૂતી કરાર એનર્જી ઈન્ડિયા અને ADNOC વચ્ચે અબુ ધાબી ઓનશોર બ્લોક-વન માટે ઉત્પાદન કન્સેશનનો કરાર ગુજરાત સરકાર અને PJSC વચ્ચે ગુજરાતમાં ફૂડ પાર્ક બનાવવા માટેનો કરાર વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે સોશિયલ મીડિયા એક્સ પર એક પોસ્ટ કરી છે તેમાં લખ્યું છે, 'એક નજીકના મિત્રનું ઉષ્માભર્યું સ્વાગત. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અબુ ધાબીના ક્રાઉન પ્રિન્સ શેખ ખાલિદ બિન મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહયાનનું હૈદરાબાદ હાઉસમાં સ્વાગત કર્યું.'

ઉલ્લેખનીય છે કે, અબુ ધાબીના ક્રાઉન પ્રિન્સ શેખ ખાલિદ બિન મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહયાન સત્તાવાર રીતે ભારતની મુલાકાતે આવ્યા છે. ક્રાઉન પ્રિન્સ તરીકે આ તેમની આ પહેલી ભારત મુલાકાત છે. ક્રાઉન પ્રિન્સ સાથેં છઈ સરકારના અનેક મંત્રીઓ અને એક વ્યાપાર પ્રતિનિધિમંડળ પણ આવ્યું છે.

# અમરેલી : માતૃશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજમાં એલ.આઈ.સી. ભરતી મેળો આયોજીત થયો




અમરેલી, તા. ૯

અમરેલી જીલ્લા વિદ્યાસભા સંચાલિત માતુશ્રી મોંઘીબા મહિલા આટર્સ કોલેજ – અમરેલીમાં તારીખ ૬/૯/૨૪ને શુક્રવારના રોજ જીલ્લા રોજગાર કચેરી-અમરેલી અને એલ.આઈ.સી. અમરેલીનાં સંયુકત ઉપક્રમે 'એલ.આઈ.સી. મહિલા કેરિયર એજન્ટ' અંગેનો એક રોજગાર મેળો ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ રોજગાર ભરતી મેળા માં અમરેલી જીલ્લા રોજગાર કચેરીની શ્રીલક્ષીતાબેન, એલ.આઈ.સી. અમરેલીનાં આસિ.બ્રાંચ મેનેજર શુકલ સાહેબ, વિકાસ અધિકારી આરિફ મકવા, કોલેજની સમગ્ર વિદ્યાર્થીનીઓ અને સ્ટાફ મેમ્બર્સ ઉપસ્થિત રહ્યા હતાં. કાર્યક્રમનાં પ્રારંભે ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડો.બી.આર.ચુડાસમા સાહેબે ઉપસ્થિત અધિકારીઓનું શબ્દોથી સ્વાગત કર્યુ હતું. અને એલ.આઈ.સી.માં અભ્યાસ સાથે કેરિયર બનાવવાનો વિદ્યાર્થીનીઓને સંદેશ આપ્યો હતો. ત્યારબાદ એલ.આઈ.સી. અમરેલીનાં બ્રાંચ મેનેજર શુકલ સાહેબે એલ.આઈ.સી.નાં ક્ષેત્રે રોજગાર માટે પ્રેરિત કર્યા હતાં. આ પ્રસંગે આરિફ મકવા સાહેબે એલ.આઈ.સી. 'મહિલા કેરિયર એજન્ટ'ની પરીક્ષા અને ઈંટરવ્યું અંગેનું સરળ ભાષામાં સુંદર માર્ગદર્શન આપ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન અને આભાર દર્શન કોલેજ કેરિયર કોર્નરનાં કો ઓર્ડિનેટર પ્રા.વેલિયત સાહેબે કર્યુ હતું.

### મુખ્ય ટ્રસ્ટી કાળુભાઇ ગેલાણીની ઉપસ્થિતિમાં

# બાબરામાં વી એલ ગેલાણી વિદ્યાસંકુલમાં ગણેશ મહોત્સવની ઉજવણી

## સાયન્સ વિભાગમાં વિદ્યાર્થીઓ દ્વારા ધામધૂમથી મગલમુર્તિનું સ્થાપન કર્યુ

બાબરા, તા. ૯

વી.એલ.ગેલાણી વિદ્યા સંકુલમાં વસુદેવ કુટુંબકમની ભાવનાથી શાળા પરિષદમાં ગણેશ ચતુર્થી પર્વની ઉજવણી કરવામાં આવી જેમાં વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થી ભાઈઓ બહેનોએ ગણેશજીની મંગલમૂર્તિની સ્થાપના કરી તેમજ લાડુ નો પ્રસાદ ધરી, આરતી ઉતારી પૌરાણિક રીતે સ્થાપના કરવામાં આવી હતી તેમજ આ સમગ્ર કાર્યક્રમ



દરમ્યાન શાળાના ટ્રસ્ટી કાળુભાઈ ગેલાણી તથા આચાર્ય ઈલાબેન ગેલાણી, તેમજ કેમ્પસ ડાયરેક્ટર દિનેશભાઈ કુબાવત ઉપસ્થિત રહ્યા હતા.

# બાબરામાં વિવેકાનંદ વિદ્યાલય ગણપતિ મહોત્સવની ઉજવણી કરવામાં આવી

બાબરા, તા. ૯

બાબરા શ્રી વિવેકાનંદ વિદ્યાલયમાં ગણપતિ મહોત્સવ ની ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે અહીં શાળાના મેનેજિંગ ટ્રસ્ટી ભાર્ગવભાઈ ભડાણીયા, આચાર્ય પ્રકાશભાઈ ચૈતન્ય સ્વામિ, કેમ્પસ ડાયરેક્ટર સમીરભાઈ દવે, સહિત સ્ટાફ દ્વારા વિઘ્નહર્તા ગણપતિ દાદાનું વિધિ વિધાન સાથે પૂજન અર્ચન કરી સ્થાપન કરવામાં આવ્યું છે અહીં ૧૧ દિવસ સુધી વિદ્યાર્થીઓ ના હસ્તે



ગણપતિનું પૂજન અર્ચન આરતી સહિતના કાર્યક્રમો કરવામાં આવશે.

# રૂા.૧ કરોડ અને ૩૦ લાખના ખર્ચે તૈયાર થનાર નાનાલીલીયા પ્રાથમિક શાળા તથા શેઢાવદર પ્રાથમિક શાળાનુ થયુ ભુમિપુજન






ભારત સરકારે શાળાકીય શિક્ષણ ક્ષેત્ર માટે પૂર્વ-પ્રાથમિક થી ધોરણ-૧૨ સુધી એક વિસ્તૃત કાર્યક્રમ, સમગ્ર શિક્ષાની શરૂઆત કરી છે અને શાળાકીય શિક્ષણની સમાન તકો અને સમાન અધ્યયન નિષ્પત્તિઓને આધારે શાળાની અસરકારકતામાં સુધારો કરવાનું વ્યાપક લક્ષ્ય ધરાવે છે. તે પૂર્વ-પ્રાથમિક, ઉચ્ચ પ્રાથમિક, માપ્રયમિકથી ઉચ્ચ માધ્યમિક સ્તર સુધી અતૂટ સાંકળ તરીકે 'શાળા' ની કલ્પના કરે છે. ત્યારે ગણેશ ચતુર્થીના શુભ દિવસે કરમિષ્ઠ ધારાસભ્ય મહેશ કસવાળાએ વિકાસ કામોની પહેલ કરીને નામના નહી પણ કામના ધારાસભ્ય તરીકેની ખ્યાતિ પામેલા મહેશ કસવાલાએ પોતાના વિસ્તારમાં વિકાસના કામોનું ખાતમુહર્ત અને લોકાર્પણ નવ નિર્મિત પ્રાથમિક શાળાનું બાંધકામ તથા સાવરકુંડલા લીલીયા વિધાનસભાના અલગ અલગ ગામોમાં સરકારી માધ્યમીક શાળા અને શાળ ના આનુષાંગીક કામો સહિતના ૩ કરોડ ૩૦ લાખના કામોનો શુભારંભ ધારાસભ્ય મહેશ કસવાલા દ્વારા કરવામાં આવ્યુ હતુ. જેમા, વિરડી ગામે ગ્રામજનોની ઉપસ્થિતીમાં વીરડી ગામે રૂપિયા ૪૦ લાખના ખર્ચે નિર્માણ પામેલી નવી પ્રાથમિક શાળાનું લોકાર્પણકર્યુ. આ ઉપરાંત રૂપિયા ૧૦ લાખના ખર્ચે નવીનીકરણ પામનાર શાળા પરિસરની અન્ય ઈમારતના કાર્યનો પ્રારંભ ધારાસભ્ય કસવાલાએ કરાવ્યો, ત્યારબાદ મિતીયાળા ગામે સરપંચ તથા ગ્રામજનોની ઉપસ્થિતીમાં રૂા.૧.૫૦ કરોડના ખર્ચે મંજુર થયેલ સરકારી માધ્યમીક શાળાના બિલ્ડીંગના કામનું ભુમિપુજન કરયું તેમજ લીલીયા તાલુકાના રૂા.૧ કરોડના ખર્ચે મંજુર કરાવેલ નાનાલીલીયા નવી પ્રાથમિક શાળાના બિલ્ડીંગનું ભુમીપુજન કરયુ ત્યારબાદ શેઢાવદર ગામે સરપંચશ્રી તથા ગ્રામજનોની ઉપસ્થિતીમાં રૂા.૩૦ લાખના ખર્ચે તૈયાર થનાર પ્રાથમિક શાળાનુ ભુમીપુજન કર્યુ હતુ આ સમગ્ર કાર્યક્રમોમાં ધારાસભ્ય મહેશ કસવાલા સાથે જીલ્લા પંચાયત શિક્ષણ સમિતીના ચેરમેન પ્રતિનીધીશ્રી ભીખાભાઈ ધોરાજીયા, તાલુકા પંચાયતના પ્રમુખઓ જીતુભાઈ કાછડીયા તથા કાનજીભાઈ નાકરાણી, જીલ્લા પંચાયતના સદસ્યઓ પુનાભાઈ ગજેરા અને વિપુલભાઈ દુધાત, તાલુકા ભાજપા પ્રમુખશ્રીઓ જીવનભાઈ વેકરીયા તથા ભનુભાઈ ડાભી, મહામંત્રીઓ ગેતમભાઈ વિંછીયા અને જીગ્નેશભાઈ સાવજ, પૂર્વ તા.પં. પ્રમુખ મનુભાઈ ડાવરા, તાલુકા પંચાયત સદસ્ય પ્રમોદભાઈ રંગાણી તથા જયસુખભાઈ સુરાણી, તાલુકા ભાજપ બક્ષીપંચ મોર્ચાના કિશનભાઈ ખુમાણ અને પરેશભાઈપાંડા લીલીયા તથા ભેંસવડી સરપંચ ભરતભાઈ ઠુંમર, નાનાલીલીયા સરપંચ શ્રી અરવિંદભાઈ માલવિયા, શેઢાવદર સરપંચશ્રી ગોવિંદભાઈ કાનાણી, અનિલભાઈ પાનસેરીયા નિલેશભાઈ વિંછીયા, પત્રકાર ઈમરાનભાઈ પઠાણ તથા ભાજપ અગ્રણીશ્રીઓ સહીતના સ્થાનિક આગેવાનો જોડાયેલ હતા ત્યારે આ અગાઉ કરોડો ઉપરાંતની સૈધાંતિક મંજૂરીઓ સરકાર માંથી મંજૂર કરાવીને કામમાં માનનારા ધારાસભ્ય કસવાળાએ મતદારોને આપેલા વચનો પાળી બતાવવામાં પાછી પાની કરી નથી તેમ અટલધારા કાર્યાલયની યાદીમાં જે.પી. હિરપરાએ જણાવ્યુ હતુ.

# અમરેલીમાં સહકારી અગ્રણી દિલીપ સંઘાણી દ્વારા ખેડુતો સાથે 'સીધો સંવાદ' કાર્યક્રમ યોજાયો



પ્રાકૃતિક અને ગાય આધારિત પદ્ધતિથી થતી ખેતિ આવક અને આયષ્યને ઉજાગર કરે છે અને તે ક્ષેત્રે અમરેલી જીલ્લો જમીનને રાસાયણ મૂકત કરીને ઓર્ગેનીક ઉત્પાદનમાં અગ્રેસર બની ચુકયો છે તેના આનંદ સાથે પ્રગતિશીલ ખેડૂતોને અભિનંદન પાઠવુ છું તેમ અમરેલી જીલ્લાના ખેતિસુધારવાદી ધરતિપુત્રો સાથેના સંવાદમાં રાજયના પૂર્વ કૃષિમંત્રી અને ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણીએ જણાવ્યુ હતું. દિલીપ સંઘાણીએ વધુમા જણાવેલ કે ટેકાના ભાવો અને માહિતી–માગદર્શન અને પ્રાકૃતિક ખેતિની વાતો ગામેગામ અને ઘરઘર સુધી પહોચાડવા આહવાન કરવા સાથે મધ વ્યવસાયના ઉત્પાદનમાં આગળ આવવા મધ માખી ઉછેર અંગેની માહિતી આપી હતી વધુમાં જણાવેલ કે, પશુપાલન, પશુલેબ તૈયાર થઈ રહી છે તેની માહિતી અને વરૂડી ખાતે એમ્રીઓ ટ્રાન્સ્ફરની માહિતી આપવા સાથે કૃષિ અને ગ્રામ વિકાસ પરિષદ (કાર્ડ)ની ગ્રામ ઉત્થાન અંગે નિરંતર કામ કરી રહી છે તેમા આગળ વધશે તેમ જણાવી નેનો યુરીયા અંગેની માહિતી આપી ખેડૂતો પશુપાલકો– શ્રમીકોને વિમા કવચ અંગે માહિતગાર કર્યા હતા.આ તકે કાર્યક્રમમાં ઉપસ્થિત રાજયના નાયબ મુખ્ય દંડક ધારાસભ્ય કૌશિક વેકરીયા એ કૃષિ અને ગ્રામ વિકાસ પરિષદના માધ્યમથી આ પ્રકારના સરાહનીય આયોજન બદલ દિલીપભાઈ સંઘાણીને અભિનંદન પાઠવ્યા હતા. વેકરીયા એ વધુમા જણાવેલ કે, ભવિષ્યમાં અમરેલી ખાતે ઓર્ગેનિક કોલેજ આવતા ખેડૂતોને જરૂરી માર્ગદર્શન મળશે તેમ જણાવેલ હતું. કાર્યક્રમના આયોજક હિરેનભાઈ હિરપરાએ સંસ્થાની પ્રવૃતિ અને આ પ્રવૃતિને ગામડાના છેવાડા સુધી પહોંચાડવાના દિલીપભાઈ સંઘાણીના પ્રયાસોને બિરદાવવા સાથે સંસ્થાઓના ઉદેશો જણાવેલ હતા. પ્રાકૃતિક અને ગાય આધારિત ખેતી અને ખેડુતોના હિતમાં હોવાનું જણાવે છે. અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયાએ જણાવેલ કે આ જિલ્લાની રોજગારીમાં પશુપાલન અને ડેરી ઉદ્યોગ દ્વારા જિલ્લામાં શ્વેતક્રાંતિ આવી છે દિન પ્રતિદિન દુધ ઉત્પાદનમાં વધારો થયો અને પશુપાલકો આ ક્ષેત્રમાં જોડાઈને પુરક રોજગારી મેળવી રહ્યા છે. દિલીપભાઈ સંઘાણીએ શ્વેત ક્રાંતિ સાથે ગાય આધારિત પ્રાકૃતિક ખેતી માટે આ જિલ્લો અગ્રેસર બને તે માટેના કૃષિ અને ગ્રામ વિકાસ પરિષદના પ્રયાસોને આપણે સૌએ સાથે મળીને પાર પાડવા જણાવેલ હતુ. અમરેલી જીલ્લામાં ઓર્ગેનિક અને આર્યુવેદીક કૃષિ ઉત્પાદન મેળવતા પ્રગતિશિલ પ્રયોગકારી ખેડૂતો વિશાળ સંખ્યામા ઉપસ્થિત રહીને મોતાના અનુભવો અને મંતવ્યો રજુ કરી સૌને આશ્ચર્યચકિત કરી દીધા હતા બગસરા તાલુકાના સુડાવડ ગામના અગ્રણી અને કાર્યક્રમ સંચાલક ખેડૂત પ્રવિણભાઈ આસોદરીયાએ જણાવેલ કે, પ્રોડકશન–પ્રોસેસ–પેકેજીંગ અને પ્રાઈઝ પ્રગતિશીલની ઓળખ છે તેમ જણાવેલ. કુંકાવાવ તાલુકાના અમરાપુર ગામના ધર્મેશભાઈ એ જણાવેલ કે, સહજાનંદ બ્રાન્ડથી મરચાનો સારો વેપાર અને આવક મેળવુ છું દેશી મરચાનું ઉત્પાદન સારૂ વળતર આપે છે તેમ જણાવેલ. પ્રાકૃતિક ખેતિ અને ઓર્ગેનિક વ્યવસાયમાં મહિલાઓ પણ આગળ વધી દિનપ્રતિદિન આગળ વધી રહી છે તેમા બગસરા તાલુકાના હળીયાદ ગામના મહિલા ખેડુત વર્ષાબેન રૈયાણી દ્વારા ઘરઆંગણે તૈયાર કરવામા આવતા પેંડા અને શ્રીખંડનો વ્યવસાય અમરેલી જીલ્લાના સીમાડા વટાવીને અમદાવાદ, સુરત, વડોદરા, જુનાગઢ સહિત સમગ્ર રાજયમાં વેચાણ ધરાવે છે જેના થતી સારી આવક મેળવી રહ્યા છે. અમરેલી તાલુકાના મોટા આકડીયા ગામના ખેડૂત દિનેશભાઈ દ્વારા બાગાયતી પાક અંજીર નો મોટાપ્રમાણમાં દેશ–વિદેશમાં વ્યવસાય કરે છે, યુટયુબના પ્લટફોર્મ ઉપર વિગતો મુકે છે. ખેડૂતોને નિહાળ વા ગામે ડેમો ગોઠવેલ છે. વડીયા ગામના રહીશ સંજયભાઈ ગદરડીયા ઘઉનો પોક બનાવી સિધ્ધો વ્યવસાય કરી સારુ વળતર મેળવે છે. ઝરખીયા ગામના ખેડૂત ભરતભાઈ ચોવટીયા એ જણાવેલ કે, પશુપાલન વ્યવસાય થકી ગાયનું ઘી, છાણ, ગૌમુત્રની શ્રેષ્ઠ પ્રોડકટ બનાવી વેચાણ કરે છે. બરવાળા બાવીશી ગામના પ્રગતિશીલ ખેડૂત રજનીભાઈ નાકરાણી એ પોતાના મંતવ્યમા જણાવેલ કે, એક દસકાથી પણ વધુ સમયથી ગ્રીન હાઉસ–નેટ હાઉસ પ્રોડકટ સહિતની કામગીરી થતી સારી કાણી કરે છે. જુનાગઢ જીલ્લાના ભેંસાણના ઉમેશભાઈ બસીયાએ જણાવેલ કે, ટમેટા– તરબુચ–ટેટી–મરચા સહિતના પાકોનું વેચાણ અને ઉત્પાદન સારૂ એવુ કરીને આવક મેળવે છે. લીલીયા તાલુકાના ગોઢાવદર ગામના રહીશ પ્રગતિશીલ ખેડૂત ભરતભાઈ નારોલાએ મંતવ્યમા જણાવ્યુ કે, આપણો મુખ્ય ખોરાક એવા ઘઉં ઓગ્રેનિક રીતે તૈયાર કરૂ છું જેમા બંસી અને સોનામુખી ઘઉ સારો ભાવ મળે છે જે સ્વાસ્થ માટે પણ સારા છે. ધારી તાલુકાના ખીચા ગામના ખેડૂત આશિષભાઈ જોધાણીએ "અન્નદાતા" એપ્સ દ્વારા ૧૬–પ્રકારના ફંકશન સાથે ખેડૂતો ને વાવેતર– વેચાણ–હવામાન–જમીન સુધારણા – હિસાબો – ભાડાના સાધનો સહિત છૂટક વેચાણ વિગેરે અને સરકાર આધારીત કૃષિ માહિતીઓ પુરી પાડે છે. રાજુલા તાલુકાના ચારોડીયા ગામના રહીશ ખેડૂત બાગાયતિ પાકોમા ૨૩ પ્રકારના આંબા સહિત વિશિષ્ટ પ્રકારની મગફળીનું વાવેતર–વેચાણથી સીધા ગ્રાહકો સાથે જોડાયેલા છે. લાઠીના અગ્રણી ખેડૂત કાળુભાઈ હુંબલએ પોતાના મંતવ્યમા જણાવેલ કે, અલગ–અલગ પાકો દ્વારા જેવા કે સરગવો, જુવાર અને રચકાનું વાવેતર કરીને આયુર્વેદીક દવા પ્રવૃતિઓ કરવામા આવે છે. ઓરગેનિક કૃષિ સાથે જોડાયેલા અમરેલીના ખેડૂત ભીખુભાઈ કોરાટ એ જણાવેલ કે, મશરૂમની ખેતિદ્વારા સારૂ ઉત્પાદન–આવક અને અન્યોને રોજગારી આપવાનું નિમીત આ વ્યવસાય બને છે તેમ જણાવેલ. આ કાર્યક્રમમાં પુર્વ ધારાસભ્ય બાવકુંભાઈ ઉંધાડ, અશ્વિન સાવલીયા, મુકેશભાઈ સંઘાણી, ડો. આર.એસ. પટેલ, ડો. ભરતભાઈ કાનાબાર, કાંતીભાઈ વઘાસીયા, વસંતભાઈ મોવલીયા, પીઠાભાઈ નકુમ, અરૂણભાઈ પટેલ, ભાવનાબેન ગોંડલીયા, મનીષભાઈ સંઘાણી, હરજીભાઈ નારોલા, દિનેશભાઈ ભુવા, મનુભાઈ ધાખડા, સંદિપભાઈ ચેટરજી, રમેશભાઈ કાથરોટીયા, અનીલભાઈ વેકરીયા, ઉપસ્થિત રહયા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન કૃષિ અને ગ્રામ્ય વિકાસ પરિષદ દ્વારા કરવામાં આવેલ હતુ તેમ સંસ્થાની યાદીમાં જણાવેલ છે.

લોકો દર્શન માટે ઘેલા બન્યા હતા. ભૂઈએ ધૂણીને પિતૃ, દુઃખ–દર્દ, આધી–વ્યાધિ, ઉપાધિ દૂર થશે, દર્શન કરવાથી બેડો પાર, મોટું મંદિર બનાવવા સાથે પ્રચાર કરવા આદેશ આપ્યો હતો. આ મહિલાએ ધૂણતા મહાદેવનું નામ ગોપીશંકર રાખવા અને નંદી ગણપતિ દાદા, હનુમાન દાદા, કાળ ભૈરવ દાદાની મૂર્તિઓ હરિદ્વારથી લાવવાનો પણ આદેશ આપ્યો હતો. મંદિરની બાજુનો રસ્તો સરકારી જમીનમાંથી શિવલીંગનું પ્રાગ્ટય કર્યું હતું. સમગ્ર ચમત્કાર સાગ્રીતોની મદદથી કરવામાં આવ્યો હતો. ફંડ–ફાળાની ગતિવિધિ આરંભ થઈ ગઈ હતી. ભૂઈ માલતીબેને ઉભો કરેલા ચમત્કારથી પડોશીઓ નારાજ હતા તેની વચ્ચે સોશ્યલ મિડીયાએ સ્થાન લીધું. અફવાથી શિવલીંગનો ચમત્કારે શંકાનું સ્થાન ઉભું થયું. સમગ્ર મામલો જાથાના કાર્યાલયે પહોંચ્યો. જમીનમાંથી નીકળવાની ઘટનાનો વિડીયો મોકલવામાં આવ્યો.

જાથાના ચેરમેન એડવોકેટ જયંત પંડયાએ શિવલીંગના ચમત્કારનો વિડીયો બારીકાઈથી નિરીક્ષણ કરતાં અનેક શંકાઓ સાથે ષડયંત્રપૂર્વકનું કાવત્રું નજરે પડતા કાર્યકરોને તપાસ કરવા મોકલ્યા. સૌ પ્રથમ પડોશીઓએ ભૂઈએ જ ધતિંગ કર્યું છે. ભૂઈ માલતીબેન ભુવા અગાઉ બે વાર જુગાર પોતાના ઘરે રમાડતા પકડાઈ ગયા હતા. કુલ ચાર વાર જુગારના ખેલમાં સંડોવણી ખુલ્લી હોવાનું બહાર આવ્યું હતું. પોતાના ઘર પાછળ ખાડો ખોદી શિવલીંગ મુકી દીધું છે. તેમાં ત્રણ પુરૂષ, બે મહિલાના નામ આપવામાં આવ્યા હતા. ભૂઈની જેમ બે મહિલાઓ પણ ધૂણે છે. મિલાપીપણામાં ચમત્કારનો અંજામ આપવામાં આવ્યો છે. પુરાવા

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલીમાં જમીનમાંથી શિવલીંગ

આપવામાં આવ્યા, ભાંડાફોડનો રસ્તો મોકળો બન્યો હતો.

જાથાના જયંત પંડયાએ ભૂઈ માલતીબેનના પર્દાફાશ માટે મુખ્યમંત્રી, અધિક મુખ્ય સચિવ ગૃહ મંત્રાલય, ડી.જી.પી. ગાંધીનગર, આઈ.જી.પી. ભાવનગર, એસ.પી. અમરેલીને પત્ર પાઠવી પોલીસ બંદોબસ્ત–રક્ષણની માંગણી કરવામાં આવી હતી. જિલ્લા પોલીસ વડા હિમકરસિંઘે સીટી–તાલુકા પોલીસ સ્ટેશનને જરૂરી આદેશ આપી દીધો. ફંડ–ફાળા શરૂ થાય તે પહેલા ભાંડાફોડ કરવાનું નક્કી થયું. રાજકોટથી જાથાના જયંત પંડયાના વડપણ હેઠળ એડવોકેટ ભાવનાબેન વાઘેલા, સિનીયર કલાર્ક ભાનુબેન ગોહિલ, રોમિત રાજદેવ, ગુલાબસિંહ ચૌહાણ, અંકલેશ ગોહિલ, બિલડીના બટુકભાઈ બારોટ, સ્થાનિક રાજુભાઈ યાદવ, ગૌરાંગ સોઢા, તાલુકા પોલીસ સ્ટેશને પહોંચી ગયા. જયાં એલ.આઈ.બી.ના એ.એસ.આઈ. રમેશભાઈ વાળા, પી.એસ.ઓ. મુન્નાભાઈ વાઘેલા મળ્યા. પો.ઈન્સ. એમ.જે. બારોટને પર્દાફાશ સંબંધી વાત કરી. તેમણે પો.કોન્સ્ટે. લવજીભાઈ વાલજીભાઈ જાંબુચા, પો.કોન્સ્ટે. કેવલભાઈ જાની, મહિલા કોન્સ્ટે. દયાબેન રેણુકા, મહિલા કોન્સ્ટે. કવિતાબેન ગુજરીયા, ડી–સ્ટાફના મેહુલભાઈ મુંધવા, મેહુલભાઈ મકવાણા, દેવાયતભાઈ ભેડી, સહદેવસિંહ જાડેજા ફાળવતા ગિરધરનગર ભૂઈના ઘરે પહોંચી ગયા.

જાથાના જયંત પંડયાએ ભૂઈ માઈતીબેનને પૂછતા ચમત્કાર કરવો, ભ્રમ ફેલાવો અંધશ્રદ્ધા છે, ગુન્હો બને છે. તેમણે પ્રતિકાર આપ્યો મને માતાજી આવે છે. ૭ વર્ષથી મને સ્વપ્ન આવે છે, ૬ માસથી ધૂણું છું, દલીલબાજી કરી. પછી પોલીસ સાથે પરામર્શ કરી પોલીસ સ્ટેશને લઈ જવાનો નિર્ણય કર્યો. ત્યારે મંદિરની સેવા–પૂજા કરતા દિલીપભાઈ કુબાવત, પડોશી આવી ગયા. ત્યારે પોલીસની હદ સંબંધી ચર્ચા કરતાં સીટી પોલીસ સ્ટેશને લઈ જવાનો નિર્ણય કર્યો. રસ્તામાં પોલીસ સ્ટાફ ફાળવી દીધો. પો.ઈન્સ. કે.એલ. ખટાણાએ એ.એસ.આઈ. દિનેશભાઈ સરવૈયા, હેડ કોન્સ્ટે. પૃથ્વીભાઈ વાંક, કોન્સ્ટે. મેહુલભાઈ મારૂ, રાકેશભાઈ વકે, રોહિતભાઈ પરમાર, મયુરીબેન ખાટરીયા સ્ટાફ સાથે ભૂઈ માલતીબેનને સીટી પો. સ્ટેશને લાવવામાં આવ્યા. પોલીસે કાયદાની ભાષામાં વાત કરી.

પોલીસ સ્ટેશનમાં ભૂઈ માલતીબેન અરજણભાઈ ભુવાએ પોતાનાથી ખોટું થયું છે. સમગ્ર હકિકત બહાર આવી જતા કબુલાતનામું–માફી માંગવા તૈયાર થઈ ગયા અને શિવલીંગનો ચમત્કાર તૂત હતું. ષડયંત્રના ભાગરૂપે જમીનમાંથી શીવલીંગ બહાર કાઢવામાં આવ્યું હતું તેવી કબુલાત આપી દીધી. ભૂઈની જુગારના કિસ્સામાં પો. સ્ટેશનના દફતરે નોંધ બહાર આવી. બે વાર રડી પડયા. ભૂઈને હિંમત આપવી પડી.

જાથાના જયંત પંડયાએ કબુલાતનામામાં વાંચી, લેખિતમાં સહી કરાવી તેમણે ધૂણવાનું કાયમી બંધ અને ભ્રમ ફેલાવા બદલ માફી માંગી લીધી. જાથાએ ફરિયાદી તૈયાર રાખેલ હોય મધ્યસ્થી આવેલાએ મામલો સંભાળ્યો હતો. સરકારી જમીન હડપ કરવાનું ષડયંત્ર બહાર આવ્યું હતું. શિવલીંગનું જમીનમાં નીકળવું તૂત સાબિત થયું હતું. ભૂઈનું સ્વપ્નની લીલા બોગસ સાથે વાહિયાત નીકળી હતી. ભૂઈને મદદે કોઈ આવ્યું ન હતું. જાથાએ ૧૨૫૬મો ભૂઈનો ભાંડાફોડ કર્યો હતો.

જાથાના જયંત પંડયાએ એસ.પી. હિમકરસિંઘને પર્દાફાશ સંબંધી વાત કરી સીટી–તાલુકા પોલીસ સ્ટેશનની પ્રશંસા કરી અભિનંદન પાઠવ્યા હતા. સ્વયંભૂ શિવલીંગના ચમત્કારની ઘટના બોગસ સાબિત કરતાં ભૂઈનો ખેલ સમાપ્ત જાથાએ કર્યો હતો.

## પાના ૮ ઉપરનું ચાલું બાબરામાં મર્કેન્ટાઈલ ક્રેડિટ

મનસ્વીવર્તનતેમજસંસ્થાનેનુકસાનથાય તે રીતે આર્થિક તેમજ ઠરાવ સહિત બાબતેશંકાસ્પદકામગીરીથતાઅનેતેની જાણ થતાં રાજીનામું આપ્યું છે.

ડિરેકટરો દ્વારા વધુમાં જણાવ્યુંહતુંકે, કોઈ ક્રેડિટ સોસાયટીહોય કે સહકારી બેન્ક અથવા મંડળી જેમાં સભાસદો અને સંસ્થા સમૃદ્ધ થાય તે દિશામાં કામ કરવુંજોઈએ પણ અહીંવાડ ચિભડાગળતીહોયતેવોઘાટસર્જાયોછે. કારણ કે સોસાયટી ચેરમેન જે રીતે વહીવટી કામગીરી કરી રહ્યા છે, જે રીતે સંસ્થાના વ્યવહાર થઈ રહ્યો છે જેનાથી સભાસદોનેમોટુંનુકસાનથઈ રહ્યુંછેઅને આગળ જતાં સંસ્થાને પણ વ્યાપક નુકસાન થશે જેથી ડિટેકટર તરીકે કોઈ જવાબદારીનારહેમાટેરાજીનામુંઆપી દેવામાંઆવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે નાગરિકબેંકનીચૂંટણીજાહેરથઈ છેત્યારે શહેરની એક સહકારી ક્રેડિટ સોસાયટીમાંથી ડિરેકટર દ્વારા રાજીનામુંઆપીદેતાશહેરમાંચર્ચાએજોર પકડયું છે.

## લીલીયામોટા : ગણેશોત્સવનો પ્રારંભ



લીલીયા, તા. ૯

લીલીયા શહેર સહિત સમગ્ર દેશમાં ગણેશ મહોત્સવનો ૧૦ દિવસ માટે પ્રારંભ થઈ ગયો છે. દેવાઓ દેવા ગણપતિ દેવાના નાદથી વાતાવરણ ગુંજી ઉઠયું હતું. શહેરમાં જાહેર સ્થળો અને રહેણાક મકાનોમાં પણ વિધવત ગણપતિ સ્થાપન કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં આસ્થાભેર ગણપતિ મહોત્સવમાં જોડાયેલ હતાં.

## પાના ૮ ઉપરનું ચાલું આરોગ્ય સબ સેન્ટર બનાવવામાં

આ બાબતે કાર્યપાલક ઈજનેર જૂનાગઢને પૂછવામાં આવતા તેમણે જણાવ્યું કે અમો જે કામ કરીએ છીએ તે કામ સારી રીતે જ કરીએ છીએ. જયારે આ કામ છેલ્લા છ મહિનાથી ચાલી રહેલ છે અને આ કામ ખુબ સારૂં મટીરીયલ વાપરીને ગુણવત્તાવાળું કામ કરીએ છીએ પરંતુ વાસ્તવમાં અહીંનું કામ કયાંક તેમના કહેવા કરતા કયાંક વિરૂધ્ધ છે. જયારે આ બાબતે આસિસ્ટન્ટ એન્જિનિયર અમરેલીને વાત કરતા તેમણે જણાવ્યું કે, અમો રેગ્યુલર વિઝીટ કરીએ છીએ જયારે નબળું કામ ચાલતું હોય તે કામને અમે લોકોએ એકથી બે વખત ખરાબ કામ હોવાથી તોડી પણ પાડવામાં આવ્યું હતુ અને કોન્ટ્રાકટરને કડક શબ્દોમાં પણ સૂચના આપવામાં આવી હતી કે હવે પછી નબળું કામ ન થવું જોઈએ. પરંતુ કોન્ટ્રાકટર દ્વારા પોતાની મનમાની ચલાવી હાલમાં જે અહીંયા કામ કરવામાં આવે છે તેના કામમાં કોઈ ભલીવાર જ નથી તેવું લાગી રહ્યું છે. જયારે આ ગામમાં પ્રથમ વખત સબ સેન્ટર ઊભું થતું હોય અને લોકોને વધુ સવલતો મળવા જઈ રહી હોય છે ત્યારે આ ગામના લોકોમાં ખુબ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. પરંતુ જયારે આ કામની અહીંના એક જાગૃત નાગરિક દ્વારા મુલાકાત લેતા જોવા મળ્યું કે આ તો લોકોના રૂપિયા ધુતવાનું કામ ચાલે છે ત્યારે અહીંના લોકો ફરી એકવાર નિરાશ થઈ ગયા હતા. જે કામ અહીંના લોકોના હિત માટે કરવામાં આવે છે પરંતુ કોન્ટ્રાકટર દ્વારા આ ગામનું હીતને બદલે અહિત ઈચ્છી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. જયારે આ જાગૃત નાગરિક દ્વારા પણ અવારનવાર પુરાવા સાથે કાર્યપાલક ઈજનેર તેમજ આસિસ્ટન્ટ એન્જિનિયરને પણ વિડીયો મોકલીને ફોનમાં વાત કરેલી હતી કે આ કામ નબળું ચાલે છે જયારે હજુ સુધી કોઈ પણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવેલ નથી. તો લોકોની માંગ છે કે આ ગામને જે સવલત મળવા જઈ રહી છે તે સવલત એટલે કે સબ સેન્ટરનું કામ સરખી રીતે કરવામાં આવે એવી માંગ ઉઠી છે.

## પાના ૧ ઉપરનું ચાલું બગસરાની શાકમાર્કેટમાં

પૂરતી શંકા વેપારીઓ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે તેમજ વારંવાર થતી આ ઘટના બાબતે પોલીસ કડક હાથે કાર્યવાહી કરે તેવી વેપારીઓ દ્વારા માંગ કરવામાં આવી છે. જો કે આ રજૂઆતને અનેક દિવસો થઈ જવા છતાં પોલીસ દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં ન આવતા વેપારીઓએ નિરાશા વ્યક્ત કરેલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલી જિલ્લામાં સદસ્યતાં અભિયાનનાં

ગયા છે. જો ખરેખર ભાજપના શાસકો તથા નેતાઓને આમ જનતા પ્રત્યેલ લાગણી અને સંવેદના હોય તથા લોકોને તેના ટેકસના રૂપિયાની સામે સારા રોડ આપવા માગતા હોય તો ભાજપના નેતાઓને સદસ્યતા અભિયાનના બદલે રસ્તાઓ ઉપર ખાડા પડયા છે તે ખાડા પૂરો અભિયાન ચલાવીને લોકોને ખાડા રાજમાંથી મુકિત આપવાનું કામ ભાજપના નેતાઓએ કરવું જોઈએ. તેવો કટાક્ષ અમરેલી તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનીષ ભંડેરીએ કર્યો છે.


## જાહેર નોટિસ

અમો નીચે સહી કરનાર **કૌશલભાઈ બી. પંડયા, એડવોકેટ–અમરેલી** ના આથી અમારા અસીલ **યોગેશભાઈ મનસુખભાઈ ડાભી** રહે.વડીયા તા. કુંકાવાવ–વડીયા, જિ.અમરેલીની સુચના અન્વયે આ જાહેર નોટીસથી લાગતા–વળગતા સર્વોને જાણ કરીએ છીએ કે, અમરેલી જીલ્લાના વડીયા કુંકાવાવ તાલુકાના વડીયા ગામે સુરગપરા વિસ્તારમા બગીચા પાસે આવેલ જમીન માહે આવેલ પ્લોટ નં.૧૨ પૈકી, (બ્લોક નં. ૩)ની જમીન ચો.વાર. ૧૦૫–૫૫, ચો.મી. ૮૮–૨૫ મા આવેલ મિલ્કત **શ્રીમતી તૃપ્તીબેન કનુભાઈ સોરઠીયા** (તે શ્રી **રમેશભાઈ લાખાભાઈ હુંબલ**ના પત્નિ), રહે.વડીયાની માલીકીની છે. તે મિલ્કત અમારા અસીલોએ તેઓની પાસેથી વેચાણ રાખવા નકકી કરેલ છે. સદરહુ મિલ્કત અમરેલી જીલ્લાના વડીયા કુંકાવાવ તાલુકાના વડીયા ગામે ગામતળામાં સુરગપરા વિસ્તારમા પાઠશાળા પાસે આવેલ છે. આ મિલ્કતની પ્લોટ નં.૧૨ ની જમીન ચો.વાર. ૨૭૮–૦૦, ચો.મી. ૨૩૨–૪૪–૪૧ ની મહે. કલેકટર સાહેબ,અમરેલીના હુકમ નં.ચિ.જમન. ૬૧૦ તા.૨૨/૩/૧૯૭૨ થી જાહેર હરરાજી કરવામા આવતા જાહેર હરરાજીમા **હર્ષદરાય નરભેરામ સરૈયા** એ ખરીદ કરેલ, તેમના પાસેથી વડીયા સબ રજીસ્ટ્રારશ્રી કચેરીના વેચાણલેખ નં.૨૫૩ તા.૧૭/૧૦/૭૩ થી **શ્રી ચંપાબેન શાંતિલાલ કોઠારી** એ વેચાણ રાખેલ. ત્યારબાદ આ મિલ્કત **ચંપાબેન શાંતિલાલ કોઠારી**ના ખાસ મુખત્યાર **શ્રી મથુરદાસ ભાઈચંદભાઈ** ધ્રુવ રહે.વડીયા પાસેથી વેચાણ દસ્તાવેજ નં.૨૪૨ તા.૨૯/૪/૮૭ થી પલ્લવીબેન જેસુખલાલ કોટિચા એ ખરીદ કરેલ. તેઓ પાસેથી વડીયા સબ રજીસ્ટ્રાર કચેરીના વેચાણ દસ્તાવેજ નં.૩૬૬ તા.૨૪/૦૬/૧૯૯૭ થી સદરહુ મિલ્કત **શ્રીમતી રંજનબેન નિલેશકુમાર આડેસરા** એ ખરીદ કરેલ, તેમના પાસેથી આ મિલ્કત વેચાણલેખ નં.૭૫૫ તા.૨૧/૯/૨૦૧૦ થી **મધુમતીબેન પ્રવિણભાઈ રાયચુરા** એ ખરીદ કરેલ., તેમના પાસેથી વેચાણલેખ નં.૭૭ તા.૧૨/૨/૨૦૧૯ થી **શ્રીમતી તૃપ્તીબેન કનુભાઈ સોરઠીયા (તે રમેશભાઈ લાખાભાઈ હુંબલના પત્નિ)** એ વેચાણ રાખેલ ત્યારથી તેમની માલીકીની છે. **શ્રીમતી તૃપ્તીબેન કનુભાઈ સોરઠીયા** પાસેથી અમારા ઉપર જણાવેલ અસીલોએ આ મિલ્કત વેચાણ રાખવા નકકી કરેલ છે. અને સદરહુ મિલ્કત સબંધે તા.૨૨–૮–૨૦૨૪ ના રોજ નોટરાઈઝડ કબજા વગરનો સાટાખત યા કરારનો દસ્તાવેજ કરી લીધેલ છે. સદરહુ મિલ્કત સબંધે અમારા ઉપરોકત અસીલે અમારા પાસેથી ટાઈટલ કલીયર સર્ટીફીકેટની માંગણી કરેલ છે. તો સદરહુ મિલ્કત સબંધે કોઈ ઈસમ/વ્યકિતનુ કે, કોઈ નાણાકીય સંસ્થા કે, સરકારી, સહકારી કે અર્ધસરકારી સંસ્થાનુ હીત સમાયેલ હોય કે, ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના ઉપર બોજો કરવામા આવેલ હોય તો અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગભાગ, હકક–હિસ્સો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૩ મા લેખીતમા આધાર–પુરાવા સાથે રજીસ્ટર પોષ્ટ એ.ડી.થી જણાવવુ. અન્યથા તે અંગે કોઈને હરકત, વાંધા–તકરાર નથી અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર સર્ટીફીકેટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામા આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામા આવશે નહી જેની લાગતા–વળગતા સર્વેએ નોંધ લેવી.

તા.૧૦/૦૯/૨૦૨૪

Pandya Advocates

**કૌશલભાઈ બી. પંડયા**
**એડવોકેટ**
અંબિકા ચેમ્બર્સ, માણેકપરા, અમરેલી

## અમરેલી સહિતનાં જિલ્લામાંથી થતા સ્થળાંતરને અટકાવવા સહિતનાં લાભ સાથે

# સૌરાષ્ટ્રને વિકસિત બનાવવા કલ્પસર યોજનાં સાકાર કરો : ઉઘાડ

### જિલ્લામાંથી કારીગર વર્ગ પણ મોટા પ્રમાણમાં રોજગારીનાં અભાવે સ્થળાંતર કરી રહયાં હોય ચિંતાજનક બાબત

### અમરેલી સહિત સૌરાષ્ટ્ર અને દક્ષિણ વચ્ચેનું અંતર પણ ઘટી શકે તેમ છે

### સિંચાઈ માટે પાણી સહિતની સુવિધા મળે તેમ હોય કલ્પસર યોજનાં અત્યંત જરૂરી

### પુર્વમંત્રીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પત્ર પાઠવીને કલ્પસર યોજના સાકાર કરવા માંગ કરી

અમરેલી, તા.૯

અમરેલી જિલ્લાનાં ખેડૂત નેતા અને પુર્વમંત્રી બાવકુભાઈ ઉઘાડે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, સુરેન્દ્રનગર જિલ્લામાં અમુક વિસ્તાર તથા બોટાદ તાલુકો નર્મદા આધારીત સિંચાઈ યોજનામાં સમાવેશ થયેલ છે. પરંતુ અમરેલી, ભાવનગર, જુનાગઢ, ગીર સોમનાથ, પોરબંદર, દેવભુમી દ્વારા જામનગર, રાજકોટ તથા સુરેન્દ્રનગર અને બોટાદનાં બાકી રહેતો વિસ્તાર, આ વિસ્તારના ખેડૂતો સિંચાઈનું પાણી બોર અને કુવા આધારીત ખેતી કરી શકે છે. બાકીનાં વિસ્તારોમાં નાના, મધ્યમ અને મોટા ડેમો છે. તેમાંથી ખુબ જુજ ખેડૂતોને સિંચાઈનું પાણી મળે છે. અને તેમાં પણ દુષ્કાળ કે ઓછો વરસાદ હોય ત્યારે કુવા, બોર અને ડેમ આધારીત પિયત થઈ શકતું નથી અથવા ઓછું થાય છે. રાજકોટ મોટા ભાગનાં ઉદ્યોગોનું સેન્ટર છે. જામનગર, સુરેન્દ્રનગર અને ભાવનગરમાં જુજ પ્રકારનાં ઉદ્યોગો છે. સૌરાષ્ટ્રમાંથી ખુબ મોટા પ્રમાણમાં ગામડામાંથી સ્થળાંતર થઈ રહયું છે. અમદાવાદ, મુંબઈ, સુરત, બેંગલોર,



હૈદરાબાદ, તથા કેનેડા અને અમેરીકામાં પણ શિક્ષીત લોકો જઈ રહયાં છે. ખેડૂતો, કારીગરો અને મજુરોનું રોજી-રોટી માટે ખુબ મોટા પ્રમાણમાં સ્થાળાંતર થઈ રહયુંછ. જેમાં ખાસ કરીને અમરેલી જિલ્લો ફકત ખેતી આધારીત જિલ્લો છે. બધી વસ્તુઓ કંપનીઓની તૈયાર મળતી હોય કારીગર વર્ગ પણ જિલ્લામાંથી સ્થાળાંતર થઈ રહયો છે. લુહાર, મિસ્ત્રી, દરજી,પ્રજાપતિ, વાણંદ જેવા કારીગર વર્ગપણ સ્થાળાંતરીત થઈ રહયા છે. સૌરાષ્ટ્રને બચાવવા માટે એકજ રસ્તો છે. જે કલ્પસર યોજના છે. તે બનાવવી જરૂરી છે.

વધુમાં જણાવવાનું કે, કલ્પસર યોજના બનતા સૌરાષ્ટ્રની સ્થાળાંતરની પ્રક્રીયા અટકી શકે તેમ છે.



ઉપરાંત મધ્ય અને દક્ષિણ ગુજરાત તથા દક્ષિણ ભારત જવાનો રસ્તો પણ ટુંકો થઈ શકે તેમ છે. અને સમય, ડીઝલ, પેટ્રોલ, ગેસની બચત અને વાહનો ટાયરોનું વેરંટેજ તેમજ વિદેશ જતું હુંડીયામણ, પર્યાવરણ બધુ બચાવી શકાય તેમ છે. કેન્દ્ર સરકારની રાષ્ટ્રીય યોજના જાહેર કરી ૮૦:૨૦ના રેશીયા પ્રમાણે ૮૦% કેન્દ્ર સરકાર અને ૨૦% રાજય સરકાર ગ્રાન્ટ ફાળવી આ રાષ્ટ્રીય યોજના સૌરાષ્ટ્રના લોકો અને ખેતી બચાવવા અને સૌરાષ્ટ્રની કાયાપલટ કરવા અને દેશ-દુનિયામાં હરીયાળી અને શ્વેતક્રાંતિ થકી સમૃદ્ધ કરવા માટે કલ્પસર યોજના જરૂરી છે. આજે દરેક ખેતરોમાં વિજ-કનેકશનો આવી ગયા હોય, ખેડૂતો બોર, કુવા આધારીત ખેતી કરતા હોય, પાણીના ભુગર્ભતળ એકસાથે પાણી ઉલેચવાનાં કારણે પાણી ટકી શકતા ન હોય, ભુગર્ભજળ ઝડપથી ખાલી જઈ જાય છે. અનાજ, કઠોળ, તેલીબીયા, ફળ, શાકભાજી ફકત ખેતરમાં જઈ થઈ શકે છે. તેમાં પાણી મુખ્ય જરૂરીયાત હોય અને માણસ, પશુ-પક્ષી માટે પાણી જમીન પહેલી જરૂરીયાત હોય છે. કોઈપણ ખાદ્યચીજ- ફેકટરીમાં બનતી નથી. ૧૪૫ કરોડની વસ્તી ભવિષ્ટમાં આવનારા પડકારો માટે પણ કલ્પસર જરૂરી છે. એક સર્વે પ્રમાણે પ્રદુષણનાં લીધે ૧૫% ખેત ઉત્પાદન પણ ઓછું આવી શકે છે. કઠોળ-તેલ સિવાયની અનેક ખાદ્ય વસ્તુ આપણે આયાત કરવી પડે છે. ત્યારે-બીજી કોઈ યોજનામાં કાપમુકી કલ્પસર યોજના હયાત અને આવનારી પેઢી માટે ખુબ જરૂરી છે. ખેતરે ખેતરી પાણી અને દરેક હાથને કામ આપવું હોય તો કલ્પસર એકમાત્ર વિકલ્પ છે. કોરોનાં સમયમાં ફકત ખેતી અને પશુપાલન બે જ ઉદ્યોગો ચાલુ હતા. અને લોકોની સારવાર માટે હોસ્પિટલો ચાલુ હતી. તો ખેતી સાથે જોડાયેલા ગામડા અને ગામડામાં રહેતા તમામ વર્ગો વેપારીઓ, ઉદ્યોગોને સમૃદ્ધ કવાર કલ્પસરનું પાણી એકમાત્ર વિકલપ છે. તો આપનાં દ્વારા કેબીનેટમાં આ નિર્ણય લેવાય તે બાબતે યોગ્ય કરવા ભલામણ છે.

---

## અમરેલી જીલ્લા વિદ્યાસભા સંચાલિત

# અમરેલી : માતુશ્રી મોંઘીબા મહિલા આટર્સ કોલેજ સૌરા. યુનિ. આંતર કોલેજ હોકી સ્પર્ધામાં પ્રથમ વિજેતા ચેમ્પિયન

### પાંચ વિદ્યાર્થિનીઓ સૌરાષ્ટ્રની ટીમમાં પસંદગી મેળવી આગામી દિવસોમાં નેશનલ કક્ષાએ રમવા જશે

અમરેલી, તા. ૯

અમરેલી શહેરની એકમાત્ર ગ્રાંટ ઈન એડ મહિલા કોલેજ તથા છેલ્લા ૩૩ વર્ષથી શિક્ષણ, સેવા અને સંસ્કારના ક્ષેત્રમાં આગવું વિશેષ પ્રદાન કરતી અમરેલી જીલ્લા વિદ્યાસભા સંચાલિત માતૃશ્રી મોંઘીબા મહિલા આટર્સ કોલેજ અમરેલીની હોકી ટીમ તાજેતરમાં તારીખ ૫/૯/૨૪નાં રોજ રાજકોટ મુકામે આયોજીત બહેનો માટેની હોકી સ્પર્ધામાં સમગ્ર સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં વિજેતા થઈને પ્રથમ સ્થાને વિજેતા બની, સતત ત્રીજા વર્ષે પણ ચેમ્પિયન ટ્રોફી મેળવી સમગ્ર અમરેલી જીલ્લાનું ગૌરવ વધાર્યુ છે. પાંચ વિદ્યાર્થીનીઓ સૌરા.યુની.ની ટીમમાં સિલેકટ થયેલ છે, જે આગામી દિવસોમાં ઈન્ટર યુનિ.વતી નેશનલ લેવલે રમવા માટે જશે. જેમાં ૧. ખાન હસીના સફિમહમદ (કેપ્ટન), ૨ જોગીસા રૂબિના એ. (વાઈસ કેપ્ટન) ૩. સીંધવ જાગૃતિ વી. ૪ ચાંચિયા નમ્રતા સંજયભાઈપ ૫. સોસાા પારૂલ પવિણભાઈ (ગોલકીપર).






મોંઘીબા મહિલા કોલેજની હોકી ટીમમાં ૧૫ વિદ્યાર્થીનીઓમાં ઉપર મુજબની પાંચ સિવાય ૧૧ બહેનોએ પણ ખૂબ જ ઉત્કૃષ્ટ સહભાગીતા કરી ટીમને વિજેતા બનાવેલ છે. જેમાં ગૌરેયા સેજલ જે., સોલંકી મુકિત ડી, હપાણી કૃષ્ના કે., સિંધવ કીર્તિ કે., ચાવડા રેણુકા ડી., રાઠોડ વૈશાલી એમ., ગમારા અસ્મિતા જી, ડેર કૃષ્ના એ., ભાસ્કર મિતલ જે., મકવાણા મિતલ, પ્રવિણ ભાઈ પ્રશંસનીય સફળતા મેળવી અમરેલી જીલ્લાનું ગૌરવ વધારવા બદલ તમામ વિદ્યાર્થીનીઓ તથા સઘન તાલીમ અને માર્ગદર્શન આપનાર પી.ટી.આઈ. ડો. જયશ્રીબેન મકવાણાને અમરેલી જીલ્લા વિદ્યાસભાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મનસુખભાઈ ધાનાણી, કિશોરભાઈ મહેતા, ચતુરભાઈ ખૂંટ, કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણી, ઈન્ચાર્જ પિન્સિ.ડો.બી. આર.ચુડાસમા, મોંઘીબા મહિલા સમગ્ર સ્ટાફ મેમ્બર્સ અને સમગ્ર વિદ્યાર્થિનીઓ તરફથી ખૂબ અભિનંદન આપવામાં આવ્યા છે. સમગ્ર જીલ્લામાંથી સફળતાને વધાવવામાં આવી રહી છે. આગામી સ્પર્ધા માટે ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવવામાં આવી છે.

---

# કોટડાપીઠા : ગણેશોત્સવની આસ્થાપુર્વક ઉજવણી થઈ રહી છે.



બાબરા, તા. ૯

બાબરા તાલુકાના કોટડાપીઠા ગામે મોરા ચોકમાં આવેલ મુખ્ય રામજી મંદિર ખાતે ગણેશોત્સવ ખુબ જ આસ્થા તેમજ ઉત્સાહપૂર્વક ઉજવાઈ રહ્યો છે. ગણેશોત્સવ દરમ્યાન પુજન, અર્ચન, આરતી તેમજ ધાર્મિક કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. સવાર સાંજ આરતી ત્યારબાદ પ્રસાદી વિતરણ કરવામાં આવે છે લોકો મોટી સંખ્યામાં લાભ લઈ રહ્યા છે. તેમજ લોકોએ ઘેર ઘેર ગણપતી સ્થાપન કરેલ છે. ખેતીકામ કરવા આવેલ આદિવાસી સમાજનાં લોકો દ્વારા ગણપત દાદાની મુર્તિ પ્રતિષ્ઠા કરી. ગણેશોત્સવ આસ્થાપૂર્વક ઉજવી રહ્યા છે.

---

# બાબરા : હેત હિંગુએ માટીના ગણેશ બનાવી કરી સ્થાપના



બાબરા, તા. ૯

બાબરા દાનેવ નગર વિસ્તારમાં રહેતો હેત હિંગું એ છેલ્લા ૩ વર્ષથી પોતાના ઘરે માટીના ગણેશજી બનાવી ને પૂજાઅર્ચના કરે છે.

નાના એવા બાળક દ્વારા પોતાના હાથે માટીનાં ગણેશજી બનાવી સ્થાપના કરતાં આજુબાજુ રહેતા પાડોશી તેમજ નાના ભૂલકાવો દર્શનાથે આવે છે. અને દર્શનનો લાભ લે છે.

---

## મહુવાનાં કોંગી અગ્રણી રાજ મહેતાને જવાબદારી

# રાજુલા પાલિકાની આગામી ચુંટણીને લઈને કોંગ્રેસ પક્ષે નિરિક્ષકની નિમણુંક કરી

### વિજયના વિશ્વાસ સાથે કામે લાગી જવા હાંકલ કરી

અમરેલી, તા. ૯

આગામી સમયમાં ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ યોજાવવા જઈ રહી છે ત્યારે કોંગ્રેસ પક્ષે કમર કસી લીધી છે. સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓની સત્તાવાર તારીખો જાહેર થાય એ પેહલા જ પૂર્વ તૈયારીના ભાગરૂપે કોંગ્રેસે ચૂંટણી જીતવા માટે પ્રદેશ સંગઠન અને પ્રદેશ આગેવાનોએ તૈયારીઓ આરંભી દીધી છે. કોંગ્રેસ



પક્ષે વિવિધ નગર પાલિકાઓની ચૂંટણી માટે પ્રભારીઓના નામની જાહેરાત કરી દીધી છે, જેમાં અમરેલી જિલ્લાની બહુચર્ચિત *રાજુલા નગરપાલિકા માટે કોંગ્રેસે પ્રભારી તરીકે રાજુલાના રાજકારણને ખૂબ નજીકથી સમજતા પ્રદેશ અગ્રણી રાજભાઈ મેહતાની પસંદગી કરી છે. જેને રાજુલા કોંગ્રેસ અને તમામ આગેવાનોએ સહર્ષ આવકારી છે. અને અભિનંદન પાઠવ્યા છે.

---

## સૌથી મોટી ગણાતી ઋષિ પાંચમના દિવસે

# બાબરામાં પવિત્ર પંચકુંડે ઋષિ પંચમીનું સ્નાન કરી પુણ્યનું ભાથું બાંધતી મહિલાઓ

### મોટી સંખ્યામાં મહિલાઓએ સ્નાન કરી સપ્તઋષિઓની કૃપા પ્રાપ્ત કરી

બાબરા, તા. ૯

ઋષિ પંચમી સૌથી મોટી ગણાતી પાંચમ હોય ને આજના દિવસે લોકો દાન પુણ્ય કરી ઈશ્વર ની કૃપા પ્રાપ્ત કરે છે સામાન્ય રિતે એક માન્યતા અનુસાર કોઈ સ્વજન નું મૃત્યુ થયું હોય અને તેની પાછળ પરિવાર અને સ્વજનો આ ઋષિ પાંચમ રહી બીજા દિવસે પારણાં કરી પુણ્ય અર્પણ કરે છે જેથી સ્વજનની મુક્તિ મળે છે.

બાબરા ના વિદ્વાન ભુદેવ જીતુદાદા જોષી ના જણાવ્યા અનુસાર આજના ઋષિ પંચમીના દિવસે



મહિલાઓ મોટાભાગે પાંચમનું વ્રત કરતી હોય છે આજના દિવસે જાણે અજાણે કોઈ દોષ લાગ્યો હોય તો પવિત્ર જળાશય અથવા કોઈ તીર્થસ્નાન પર સ્નાન કરવાથી દોષો દૂર થાય છે માટે પંચકુંડ સહિતના પવિત્ર જળાશય માં મહિલાઓ સ્નાન કરવા આવે છે અને તેનું મહત્વ છે ઋષિ પંચમીના દિવસે સપ્ત ઋષિનું પૂજન અર્ચન કરવાથી ઋષિઓ અને ઈશ્વર ની કૃપા પ્રાપ્ત થાય છે.

---

# અમરેલીનાં નાગનાથ મંદિરમાં ગણપતિજીની મહાઆરતી યોજાઈ



અમરેલીમાં ૧૨૫ વર્ષથી સાર્વજનિક ગણોત્સવની ઉજવણી થઈ રહી છે. નાગનાથ યુવક મંડળ અને નાગનાથ દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા આયોજિત ગણેશોત્સવમાં અમરેલીનાં મોબાઈલ એસો.નાં પ્રમુખ હાર્દિક સેંજલિયા, ચેતન ચૌહાણ, શૈલેષ કાબરીયા, રજીતભાઈ પંડયા, ઋષિ ભટ્ટ, સંદિપ જોષી, રોહિતભાઈ, પિન્ટુભાઈ, વિમલભાઈ, નીખિલભાઈ વિગેરે જોડાયા હતા.




## બગસરાનાં લુંધિયા ગામે ચાલતા કામમાં નિયમોનો ઉલાળીયો

# લૂંટો ભાઈ લૂંટો : આરોગ્ય સબ સેન્ટર બનાવવામાં દે ધનાધન

**જનતા જનાર્દન સવારથી રાઉન્ડ ધ કલોક કોઈનાં કોઈ બાબતે સરકારી તિજોરીમાં પરસેવાનાં પૈસા કરવેરારૂપે જમા કરાવે**

**જનતાનાં પરસેવાનાં પાઈ-પાઈનો સદ્‌ઉપયોગ થાય તેની જવાબદારી અધિકારી અને પદાધિકારીઓની હોય છે**

**અધિકારી અને પદાધિકારીને જનતાનાં પૈસે એટલા માટે જ તમામ સુવિધા અપાતી હોય છે**

**બાંધકામ એજન્સી, પદાધિકારી અને અધિકારીની ટુકડે ટુકડે ગેંગ જનતાનો કોઈ વિચાર કરતી નથી**




બગસરા, તા. ૯

બગસરા તાલુકામાં આવેલ લુંધીયા પીએચ સિ સબ સેન્ટરનું કામ ચાલી રહેલ છે. આ કામ ર૬ લાખ રૂપિયા જેવી માતબર રકમનું છે. જે કામ રાજકોટની કન્ટ્રકશન એજન્સી દ્વારા કરવામાં આવે છે. પરંતુ આ કામમાં લોટ પાણીને લાકડા જેવું કામ ચાલી રહેલ છે. જયારે આ કામમાં નબળી ગુણવત્તાનું મટીરીયલ વાપરવામાં આવે છે. જેમાં સિમેન્ટ પણ જામી ગયેલી વાપરવામાં આવે છે અને જે સ્લેબમાં નાખવામાં આવતા લોખંડ પણ હાથથી ખેંચીને નીકળી જાય અને સાંધામાં પણ નબળી ગુણવત્તાનો માલ વાપરી સાંધા બુરવામાં આવે છે. જયારે સીડીની નીચે એટલો મોટો ગેબ છે કે આ ગેબ ભરવા સિમેન્ટની કોથળીઓના ડૂચા ભરાવી તેમાં માલ નાખી આ ગેબ ભરવામાં આવે છે. આટલી હદે નબળી કામગીરીથી અહીંના એક સ્થાનિક જાગૃત નાગરિક દ્વારા અનેક વખત રજુઆતો કરી પરંતુ ખાતાકીય રીતે તેમને કોઈ જવાબ મળતો નથી.

અનુસંધાન પાના ૬ ઉપર

## તાલુકા કોંગી પ્રમુખ મનિષ ભંડેરીએ ભાજપની દુઃખતી નસ દબાવી

# ભાઈ સા'બ : અમરેલી જિલ્લામાં 'સદસ્યતાં અભિયાન'નાં બદલે રસ્તાઓનાં 'ખાડા પુરો અભિયાન' શરૂ કરો

**જનતાને ખાડામાં મુક્તિ અપાવો તો પણ મત મળી શકે તેમ છે**



અમરેલી, તા. ૯

અમરેલી-કુંકાવાવ-વડિયા વિધાનસભા વિસ્તારના ગામડાઓમાં ભાજપ પક્ષ દ્વારા હાલમાં સદસ્યતા નોંધાણી અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. ખરેખર તો ભાજપના નેતાઓ દ્વારા તથા કાર્યકરોએ ગામડાઓના રસ્તાઓના રસ્તાઓમાં પડેલ ખાડાઓ પુરવાનું અભિયાન શરૂ કરવું જોઈએ. સમગ્ર ગુજરાત રાજયમાં ભાજપના રાજમાં રસ્તાઓની હાલત ખૂબ જ દયનીય બની ગઈ છે. આ ખરાબ રસ્તાઓના કારણે વાહન ચાલકો વારંવાર મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે તથા ખરાબ રસ્તાઓના લીધે અવારનવાર અકસ્માતો સર્જાય છે અને લોકો પોતાના જીવ પણ ગુમાવી રહ્યા છે. આજે ભાજપના રાજમાં બનાવેલા રસ્તાઓ ૭ વર્ષની મુદતવાળા ૭ મહિના પણ ટકતા નથી. આટલી બધી નબળી ગુણવત્તાવાળા રોડ બનવાનું એકમાત્ર ભાજપના નેતાઓ તથા અધિકારીઓની મિલીભગત અને ૪૦% કમિશનને લીધે નબળા રોડ બનાવીને ટૂંક સમયમાં જ તૂટી જાય છે. પરિણામે જનતાના પૈસાનો ખોટો વેડફાટ થાય છે એક બાજુ ભાજપના શાસકો આમ જનતા પાસેથી રોડ ટેકસના નામે એડવાન્સમાં પૈસા ખંખેરી લે છે સામે સારા અને ગુણવત્તાવાળા રોડ આપવામાં ભાજપના શાસકો નિષ્ફળ

અનુસંધાન પાના ૬ ઉપર

## સ્થાનિક સહકારી જગતમાં ભારે ગરમાવો

# બાબરામાં મર્કેન્ટાઈલ ક્રેડિટ કો. સોસાયટીમાંથી સીનિયર ડાયરેક્ટરે રાજીનામુ ધરી દેતા ચકચાર

**ચેરમેનનાં મનસ્વી વલણથી કંટાળીને નારાજ બન્યા**

બાબરા, તા. ૯

બાબરામાં વર્ષો જૂની મર્કન્ટાએલ ક્રેડિટ કોપરેટિવ સોસાયટીમાં છેલ્લા ૧૫ વરસથી ડિરેકટર પદે સેવા આપતા ડિરેકટર મનોજભાઈ જોગી અને સુરેશભાઈ ભાલાળા દ્વારા વર્તમાન ચેરમેન ડો. કે. એચ. ચૌહાણ અને બેંકના વહીવટી વ્યવહાર સામે સવાલ કરી રાજીનામુ આપી દેતા સ્થાનિક સહકારનું રાજકારણ ગરમાયું છે.

મનોજભાઈ જોગી અને સુરેશભાઈ ભાલાળાએ એક સયુંકત નિવેદનમાં જણાવ્યું હતું કે, તેઓ છેલ્લા દોઢ દાયકાઓથી ડિરેકટર પદે સેવાઓ આપી કોપરેટિવ સોસાયટી સમૃદ્ધ બને તે દિશામાં કામ કરી રહ્યા હતા. પણ પાછલા થોડા સમયથી ચેરમેનનાં

અનુસંધાન પાના ૬ ઉપર













*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)